૧

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૬ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૨૨



ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ
વિ.સં. ૨૦૦૩ (ઈ.સ. ૧૯૪૭)

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● રાગ ઔર દ્વેષ મહાશત્રુ હૈ, મોક્ષકે વીતરાગ વિજ્ઞાનમય માર્ગકો લૂટનેવાલે હૈં. યે દીર્ઘકાલસે સંચય કિયે હુએ જ્ઞાન, ધ્યાન, તપ, રત્નકો લૂંટ લેતે હૈં. ૧૯૧૨.

(શ્રી કુલધર આચાર્ય, સાર સમુચ્ચય, શ્લોક-૨૯૬)

● અધમાધમ મનુષ્ય સરળ ચિત્તવાળા મનુષ્યને મુર્ખ કહે છે, જે વાતચીતમાં ચતુર હોય તેને ધીઠ કહે છે, વિનયવાનને ધનનો આશ્રિત બતાવે છે, ક્ષમાવાનને કમજોર કહે છે. સંયમીને લોભી કહે છે, મધુર બોલનારને ગરીબ કહે છે, ધર્માત્માને ઢોંગી કહે છે, નિસ્પૃહીને ઘમંડી કહે છે, સંતોષીને ભાગ્યહીન કહે છે, અર્થાત્ જ્યાં સદ્‌ગુણ દેખે છે ત્યાં દોષ લગાવે છે. દુર્જનનું હૃદય એવું જ મલિન હોય છે. ૧૯૧૩.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, બંધ દ્વાર, પદ-૨૩)

● જીવ અને શરીર પાણી અને દૂધની જેમ મળેલાં છે તોપણ ભેગાં—એકરૂપ નથી, જુદાં-જુદાં છે; તો પછી બહારમાં પ્રગટરૂપથી જુદા દેખાય છે એવા લક્ષ્મી, મકાન, પુત્ર અને સ્ત્રી વગેરે મળીને એક કેમ હોઈ શકે ? ૧૯૧૪.

(શ્રી દૌલતરામજી, છઢાળા, ઢાળ-૫, શ્લોક-૭)

● જે અનંત દર્શન, અનંત જ્ઞાન અને અનંત સુખ-સ્વભાવના ધારક છે, સમસ્ત સંસારી વિકારીભાવોથી પર છે, અભેદ રત્નત્રયરૂપ નિર્વિકલ્પ સમાધિ દ્વારા ગમ્ય છે, પરમાત્મા સંજ્ઞાથી પ્રસિદ્ધ છે તે દેવાધિદેવ મારા હૃદયમાં બિરાજમાન થાઓ. ૧૯૧૫.

(શ્રી અમિતગતિ આચાર્ય, સામાયિક પાઠ, શ્લોક-૧૩)

● જે તરુવર રસ્તાને છોડીને દૂર ફળ્યું ફૂલ્યું છે તે નકામું છે. નથી તો કોઈ થાકેલા પથિકો ત્યાં વિશ્રામ લેતા કે નથી તેના ફળને કોઈ હાથ લગાડતું (તેમ માર્ગ ભ્રષ્ટ જીવોનો વૈભવ નકામો છે). ૧૯૧૬.(મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૧૫)

● આ સમસ્ત અધિકારમાં નિશ્ચયથી આટલું જ કાર્ય છે. તે કાર્ય શું ? આત્માના શુદ્ધસ્વરૂપનો અનુભવ સૂક્ષ્મકાળમાત્ર પણ વિસારવાયોગ્ય નથી. ૧૯૧૭.

(શ્રી રાજમલજી, કળશટીકા, કળશ-૧૨૨)

● દુર્લભ મનુષ્યપણું પામી જે ઈન્દ્રિય-વિષયોમાં રમે છે તે રાખને માટે દિવ્ય અમૂલ્ય રત્નને બાળે છે. ૧૯૧૮. (સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૩૦૦)

● બીજી બધી આડી અવળી વાતો કરવાનું છોડો, તે તો માત્ર એક-બે શબ્દોથી ટૂંકમાં જ પતાવી દો, ને સદાય નિજાત્મતત્ત્વના અભ્યાસ વડે આત્મગુણોની વૃદ્ધિ કરો. ૧૯૧૯. (શ્રી નેમિશ્વર-વચનામૃત શતક, શ્લોક-૧૪)

વર્ષ–૧૬
અંક–૫

વિ. સંવત
૨૦૭૮

January
A.D. 2022






# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## આત્મા શું છે ને તે શું કરે છે?

(સમયસાર કળશ ૬૨ ઉપરનું પ્રવચન)

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેનું કાર્ય જ્ઞાનથી બહાર ન હોય. જ્ઞાનથી બહાર અન્ય ભાવમાં આત્માનું કર્તૃત્વ માનવું તે અજ્ઞાનીનો મોહ છે. ભેદજ્ઞાનવડે જ્ઞાન અને પરભાવને ભિન્ન જાણીને, જે પરભાવનું કર્તૃત્વ છોડે છે ને જ્ઞાનભાવપણે પરિણમે છે તે જ્ઞાની છે.

અનાદિથી જીવે શું કર્યું? કે પોતાને ભૂલીને અજ્ઞાન અને રાગદ્વેષ કર્યા છે; ચિદાનંદતત્ત્વનું જ્ઞાન કરીને સ્વસન્મુખપણે આત્મા વીતરાગી જ્ઞાનભાવનો કર્તા થાય છે.–અને એ જ્ઞાનભાવ જ આત્માનું ખરું કાર્ય છે.

જ્ઞાનથી ભિન્ન પરનું કર્તૃત્વ માનીને દુનિયા પાગલ બની છે. મોહ કહો કે પાગલપણું કહો. પરનો કર્તા આત્મા થાય એ વાત જ જૂઠી છે. ભાઈ, તારી ચૈતન્યજાત શું છે તેને તું જાણ. તારી ચૈતન્યવસ્તુને જોવા માટે હજાર સૂર્ય જેવા તારા જ્ઞાનચક્ષુને ખોલ. પરનાં કામનું કુતૂહલ છોડીને ચૈતન્યવસ્તુને જાણવાનું કુતૂહલ કર. અંતરમાં આનંદનો સ્તંભ ચૈતન્યકંદ છે, તેના અનુભવની અપૂર્વતા છે. આવા આત્માની જેને અનુભૂતિ હોય

**ચિન્તામણિ ચિન્મય પરમ નેમ, પરિણામી ચેતન પરમ છેમ;**
**ચિન્મૂરતિ ચેતા ચિદ્વિલાસ, ચૂડામણિ ચિન્મય ચન્દ્રભાસ. ૨૨**

કવિવર પં. બનારસીદાસજી કૃત **શ્રી જિનસહસ્રનામ સ્તોત્ર**

તેને જ બારઅંગની લબ્ધિ ઊઘડી શકે છે. બારઅંગની લબ્ધિ શુદ્ધાત્માની અનુભૂતિ વગર હોય નહિ. દિવ્યધ્વનિમાંથી નીકળેલા જે બારઅંગ તેમાં પણ ભગવાને શુદ્ધઆત્માની અનુભૂતિ કરવાનું કહ્યું છે, ને તેને જ મોક્ષમાર્ગ કહ્યો છે.

હે ભાઈ, આ આત્મવસ્તુ અનુભવ કરવા જેવી છે તેનો તું નિર્ણય કર, તેની મહત્તાને લક્ષમાં લઈને તેની રુચિ કર,—ને તારા પ્રયત્નને તે તરફ વાળ. અંતરમાં શીતળ-શીતળ ચૈતન્યબિંબ પડ્યું છે, જેની છાયામાં પરમ શાંતિ ને નિરાકુળતાનું વેદન છે. જ્ઞાનસ્વરૂપ આત્મા તો આવા કાર્યને કરે તે તેનું ખરું કાર્ય છે.

જ્ઞાનમય આવા કાર્ય સિવાય બીજું કાર્ય તે સંસારનું કારણ છે; બીજું કાર્ય એટલે શરીરાદિ જડનું કાર્ય નહિ પણ શુભ-અશુભ રાગાદિ ભાવો, તેને અજ્ઞાની સ્વકાર્ય માનીને, તેનો તે કર્તા થાય છે. આ કાર્ય અજ્ઞાનીનું છે. ધર્માત્માની દૃષ્ટિ શુદ્ધ સ્વદ્રવ્ય ઉપર છે, તે દૃષ્ટિમાં તેને નિર્મળભાવની ઉત્પત્તિ થાય છે, તે નિર્મળભાવ જ ધર્મીનું કાર્ય છે. અહીં તો સાચો આત્મા જ તેને કહ્યો કે જે નિર્મળ જ્ઞાનભાવને કરે. રાગાદિ અશુદ્ધતાને કરે તે આત્માનું સાચું સ્વરૂપ નથી. સ્વભાવ જેવો છે તેવો શ્રદ્ધા-જ્ઞાનમાં લેતાં તેના જેવી નિર્મળ પરિણતિ થઈ ત્યાં ધર્મી જીવ અબંધ થયો, તેને બંધન થતું નથી. શુદ્ધ સ્વભાવને પ્રતીતમાં લઈને અનુભવમાં એનો સ્વાદ ચાખીને તેના રંગથી ધર્મી જીવ ચૈતન્યને સાધવા નીકળ્યો, તેના મનમાં એક શુદ્ધ ચેતનસ્વભાવ સિવાય રાગાદિ અન્ય ભાવોને હવે સ્થાન નથી, તેની આરાધનામાં હવે ભંગ પડવાનો નથી. હવે કદી રાગાદિ પરભાવની પ્રીતિ થવાની નથી ને ચૈતન્યનો પ્રેમ છૂટવાનો નથી; રાગમાં અમારો ઉત્સાહ કદી જવાનો નથી. કોઈ પરભાવ આવીને અમારા ચૈતન્યના ઉત્સાહનો રંગ લઈ જાય—એમ બનવાનું નથી. હે પ્રભો ! આપના કૂળની પરંપરાનો જે માર્ગ છે તે માર્ગે હું ચાલ્યો આવું છું. જે રસ્તે આપ ચાલ્યા તે જ રસ્તે હું આવું છું, હું આપના કૂળનો છું, ને એ જ મારા કૂળના વટની રીત છે. આમ જ્ઞાનસ્વભાવના કાર્યને કરતો ધર્મી જીવ મોક્ષને સાધે છે.

અજ્ઞાનીના બધાય પરિણામ અજ્ઞાનમય છે; જ્ઞાનીના બધાય પરિણામ જ્ઞાનમય છે. અજ્ઞાનીને જ્ઞાન અને રાગની જુદાઈનો અનુભવ નથી, તેને એકમેકપણે જ તે અનુભવે છે તેથી તેના બધાય પરિણામ રાગાદિ પરભાવ સાથે ભેળસેળવાળા અજ્ઞાનમય છે; ને જ્ઞાનીને તો જ્ઞાન અને રાગ વચ્ચે અત્યંત જુદાઈનો અનુભવ છે, તે બંનેને અત્યંત ભિન્ન અનુભવે છે, જ્ઞાનપરિણામને રાગાદિ સાથે જરાય ભેળવતા નથી, તેથી તેના બધાય

**ચારિત્રધામ ચિત્ ચમત્કાર, ચરનાતમરૂપી ચિદાકાર;**
**નિર્વાચક નિર્મમ નિરાધાર, નિરજોગ નિરંજન નિરાકાર. ૨૩**

પરિણામ રાગ સાથે ભેળસેળ વગરના શુદ્ધ જ્ઞાનમય છે. એવા જ્ઞાનમય પરિણામને લીધે જ્ઞાનીને બંધનનો અભાવ છે. આવું જ્ઞાનીનું જ્ઞાનકાર્ય છે, તેનું નામ ધર્મ ને મોક્ષમાર્ગ છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે નિજસ્વરૂપને ઓળખીને આવું જ્ઞાનકાર્ય કરે, તે તેનું સાચું કાર્ય છે. એનાથી વિરુદ્ધ બીજા ભાવને આત્માનું કાર્ય માનવું તે અજ્ઞાનીનું અશુદ્ધ કાર્ય છે. આમ જાણીને હે જીવ! શુદ્ધ જ્ઞાનસ્વભાવની સન્મુખતાથી જ્ઞાનમય ભાવરૂપ તારા સ્વકાર્યને કર.

પ્રશ્ન :—જ્ઞાનીનેય રાગ તો હોય છે?

ઉત્તર :—રાગ અને નિર્મળ જ્ઞાનપરિણામ બંને એકસાથે હોવા છતાં જ્ઞાની તે કાળે રાગ સાથે તન્મયપણે નથી ઉપજ્યા. પણ રાગથી ભિન્ન જ્ઞાનપરિણામમાં જ તન્મયપણે ઉપજ્યા છે, માટે જ્ઞાની તે કાળે જ્ઞાનના જ કર્તા છે, રાગના કર્તા નથી. તેના જ્ઞાનમાં તન્મયપણે રાગ નથી વર્તતો, રાગનું જ્ઞાન થયું તે જ્ઞાન સાથે તન્મયપણું છે. આ રીતે તેને જ્ઞાનપરિણામ જ્ઞાનજાતિપણે જ વર્તે છે; જ્ઞાનપરિણામ રાગપણે થતા નથી માટે જ્ઞાની જ્ઞાનભાવનો જ કર્તા છે. આવું સ્વરૂપ સમજવું તે અપૂર્વ ભેદજ્ઞાન છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૯ થી ચાલુ) (નિયમસાર પ્રવચન)

ત્રિકાળીસ્વભાવની દૃષ્ટિએ એમ કહેવાય છે કે આત્મા વિકારનો કર્તા છે જ નહિ, વિકાર તે જડનું કાર્ય છે. એ કથન તો સ્વભાવ અને વિકારનું ભેદજ્ઞાન કરાવવા માટે છે. જેને આવું ભેદજ્ઞાન હોય તેને ઘણો વિકાર તો ટળી જાય છે અને વિકારમાં એકત્વબુદ્ધિ હોતી નથી. પરંતુ કોઈ જીવ સ્વભાવદૃષ્ટિ કરે નહિ, વિકારથી જરાય જુદો પડે નહિ, અજ્ઞાન-ભાવથી એવા ને એવા તીવ્ર વિકારભાવો કર્યા કરે અને કહે કે 'વિકાર તો જડકર્મો કરાવે છે, આત્મા તેનો કર્તા નથી.'—તો તે મહા અજ્ઞાની છે. આચાર્યદેવ તેને કહે છે કે હે ભાઈ, તું જ અજ્ઞાનભાવે વિકારનો કર્તા છે, આત્મામાં જ વિકાર થાય છે. આત્માનો ત્રિકાળી સ્વભાવ અને વર્તમાન અવસ્થા એ બંનેને યથાર્થપણે સમજીને પ્રૌઢ વિવેકદ્વારા સ્વભાવ તરફ ઢળવું તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે; નિશ્ચયનો આશ્રય તે જ પ્રૌઢ વિવેક છે. (ક્રમશઃ) ❋

**નિરભોગ નિરાસ્રવ નિરાહાર, નગનરકનિવારી નિર્વિકાર;**
**આતમા અનક્ષર અમરજાદ, અક્ષર અબંધ અક્ષય અનાદ. ૨૪**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૦, બુધવાર) (ગાથા ૪૦)

ઉપાદેયરૂપ શુદ્ધ જીવતત્ત્વનું વર્ણન ચાલે છે. શુદ્ધ જીવતત્ત્વમાં કોઈ વિભાવસ્થાન, માન-અપમાન સ્થાન કે હર્ષ-અહર્ષ ભાવનાં સ્થાનો નથી—એમ ૩૯ મી ગાથામાં કહ્યું. હવે કહે છે કે પ્રદેશ-પ્રકૃતિ-સ્થિતિ કે અનુભાગરૂપ કર્મબંધનાં સ્થાનો તેમ જ ઉદયસ્થાનો પણ શુદ્ધ જીવતત્ત્વમાં નથી.—

**णो ठिदिबंधठाणा पयडिट्ठाणा पदेसठाणा वा।**
**णो अणुभागट्ठाणा जीवस्स ण उदयठाणा वा।।४०।।**

**न स्थितिबंधस्थानानि प्रकृतिस्थानानि प्रदेशस्थानानि वा।**
**नानुभागस्थानानि जीवस्य नोदयस्थानानि वा।।४०।।**

સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં,
અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦.

અર્થ :—શુદ્ધ જીવાસ્તિકાયને પ્રદેશબંધ, પ્રકૃતિબંધ, સ્થિતિબંધ કે અનુભાગબંધનાં સ્થાનો નથી તેમજ તેનાં ઉદયસ્થાનો પણ નથી.

કર્મબંધનમાં ચાર પ્રકાર છે—પ્રદેશ, પ્રકૃતિ, સ્થિતિ અને અનુભાગ; તે જડ છે, આત્માનું સ્વરૂપ નથી. આત્માના ચૈતન્યસ્વરૂપમાં જડકર્મો છે જ નહિ. અરૂપી આત્મામાં રૂપી કર્મોનો અભાવ છે. કર્મના સંબંધથી જીવને ઓળખે તો જીવનું સાચું સ્વરૂપ જણાતું નથી.

જીવ જ્યારે વિકારભાવે પરિણમે ત્યારે નિમિત્તરૂપે જડકર્મો હોય છે; કેમ કે વિકાર જીવનો સ્વભાવ નથી પણ વિભાવ છે તેથી તે પર નિમિત્તના લક્ષે થાય છે. તેનું જ્ઞાન કરાવવા માટે શાસ્ત્રોમાં કર્મોનું વર્ણન કર્યું છે. પણ શાસ્ત્રો કાંઈ કર્મો અને આત્માની એકતા બતાવતાં નથી, અથવા કર્મો આત્માને વિકાર કરાવે છે—એમ બતાવતાં નથી. અજ્ઞાની જીવ તો આત્માને ભૂલીને કર્મને જાણવામાં જ અટકી પડે છે, 'આટલી પ્રકૃતિનું અપકર્ષણ થાય ને

**આગત અનુકમ્પામય અડોલ, અશરીરી અનુભૂતી અલોલ;**
**વિશ્વંભર વિસ્મય વિશ્વટેક, વ્રજભૂષણ વ્રજનાયક વિવેક. ૨૫**

આટલી પ્રકૃતિનું ઉત્કર્ષણ થાય' એમ કર્મની વાતને ગોખ્યા કરે છે, પણ આત્મામાં કર્મો છે જ નહિ—એ મૂળભૂત વાતને સમજતો નથી. 'પહેલાં કર્મોનું જ્ઞાન કરવું જોઈએ—આત્માનું નહીં'—એમ અજ્ઞાનીઓ કહે છે; પણ શ્રીકુંદકુંદભગવાન કહે છે કે કર્મબંધનની પ્રકૃતિ, સ્થિતિ વગેરેને જાણવાથી કાંઈ બંધન ટળતું નથી, જો કર્મબંધરહિત શુદ્ધાત્માને જાણીને ભેદજ્ઞાન પ્રગટ કરે તો જ કર્મબંધન ટળે છે.

જે આત્માને તો જાણે નહિ ને કર્મોને જ જાણવામાં રોકાય તે અજ્ઞાની છે. જેમ કોઈ મૂર્ખ ખેડૂત એક ગામથી બીજે ગામ જતાં રસ્તામાં ખાલી જમીનનું માપ કરી આવ્યો અને બીજાને વાત કરી. ત્યારે બીજાએ તેને પૂછ્યું કે શું તારે તે જમીન લેવી છે ? ખેડૂતે કહ્યું—મારે લેવી નથી પણ અમથો માપ કરી આવ્યો. પોતાને કાંઈ લેવા દેવા નથી છતાં મફતનો ઉજ્જડ જમીનનું માપ કરી આવ્યો.—આ દૃષ્ટાંત છે. તેમ જડકર્મો તો ઉજ્જડ છે. તેમાં આત્માના કોઈ ગુણ કે ધર્મ નથી, તે કર્મો સાથે આત્માને લેવા દેવા નથી. જે જીવ આત્માનું સ્વરૂપ શું છે તે સમજતો નથી અને માત્ર કર્મોનાં પલાખાં જ ગોખ્યા કરે છે તે જીવ અજ્ઞાની છે.

કર્મો જડ વસ્તુ છે, તે પણ સત્ પદાર્થ છે, તે આત્માના જ્ઞાનનું જ્ઞેય છે. આત્માના જ્ઞાનપૂર્વક કર્મોને પણ જાણે તેમાં કાંઈ દોષ નથી. પરંતુ જડકર્મોને ખરેખર આત્મા કરે છે અને આત્મા તેને ટાળે છે તેમજ કર્મો આત્માને હેરાન કરે છે—એમ જે માને તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. કર્મો આવે ને ટળે તે તેના જ કારણે થાય છે, આત્મા તેનો કર્તા નથી. કર્મોના અનંતગુણ કર્મોમાં છે ને આત્માના અનંતગુણો આત્મામાં છે. જાણનાર પોતે કોણ છે તે નક્કી કર્યા વગર કર્મનું જ્ઞાન કોણ કરશે ? આત્માના જ્ઞાનસ્વભાવને ઓળખ્યા વગર કર્મનું પણ યથાર્થજ્ઞાન હોઈ શકે નહિ.

જીવ તેમજ અજીવ દરેક દ્રવ્યો અનંતગુણના પિંડ છે; દરેક દ્રવ્યમાં પોતપોતાની અનંતશક્તિઓ સ્વતંત્ર છે. આત્માની શક્તિ આત્મામાં છે ને જડ કર્મોની શક્તિ જડમાં છે. કર્મો તે કોઈ સ્વતંત્ર વસ્તુ નથી પણ અનંતા અજીવ—રજકણોનો સ્કંધ છે; તેમાં દરેકે દરેક રજકણ સ્વતંત્ર છે, કોઈ એક રજકણ બીજા રજકણરૂપે થતો નથી. જગતમાં કોઈ એક પદાર્થ બીજા પદાર્થરૂપે થતો નથી એટલે એક પદાર્થની શક્તિ બીજા ઉપર ચાલતી નથી. આમ છે તો આત્મા કર્મોનું શું કરે ? અને કર્મો આત્માનું શું કરે ?—કાંઈ કરી શકે નહિ. આવું વસ્તુસ્વરૂપ હોવા છતાં અજ્ઞાની જીવ પરપદાર્થનું ધણીપણું માની રહ્યો છે; હું જડ કર્મોનો કર્તા છું અને મારામાં કર્મો છે, કર્મો મારામાં વિકાર કરાવે છે—એવી અજ્ઞાનીની મિથ્યામાન્યતા

છલભંજન છાયક છીનમોહ, મેધાપતિ અકલેવર અકોહ;
અદ્રોહ અવિગ્રહ અગ અરંક, અદ્‌ભુતનિધિ કરુણાપતિ અબંક. ૨૬

છે. જેમ અન્યમતોમાં ઈશ્વરને પરના કર્તા માને છે, તે અજ્ઞાન છે; તેમ જૈનમતમાં રહેલા ઘણા અજ્ઞાની જીવો પણ આત્માને જડ કર્મનો કર્તા માને છે અને જડ કર્મોને આત્માના કર્તા માને છે, તેઓ પણ અજ્ઞાની જ છે.

આ ગાથામાં આચાર્યભગવાન શુદ્ધ જીવનું વર્ણન કરતાં કહે છે કે આત્મામાં કોઈ પ્રકારના કર્મબંધ છે જ નહિ. 'કર્મનો ઉદય જીવને વિકાર કરાવે છે' એમ અજ્ઞાની લોકો માને છે, પણ અહીં તો કહે છે કે આત્મામાં કર્મનો ઉદય થતો જ નથી, કર્મોનો ઉદય જડમાં છે; અને કર્મોની અપેક્ષાથી થતા ભાવો પણ ખરેખર જીવનું સ્વરૂપ નથી. કર્મવાળો જીવ કે વિકારવાળો જીવ—એવા સ્વરૂપે જીવની શ્રદ્ધા કરવી તે અધર્મ છે અને શુદ્ધ જીવસ્વરૂપની શ્રદ્ધા કરવી તે ધર્મ છે.

## ટીકા

શુદ્ધ આત્મામાં પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ કે પ્રદેશબંધના સ્થાનો નથી તેમજ તેનાં ઉદયનાં સ્થાનો પણ નથી. જ્ઞાનાવરણાદિ આઠ કર્મોરૂપે થવાયોગ્ય પુદ્‌ગલદ્રવ્યોનો સ્વભાવ તે પ્રકૃતિબંધ છે, તેનાં સ્થાનો જીવમાં નથી. કર્મોને રહેવાની મર્યાદારૂપ સ્થિતિબંધ છે, તેનાં સ્થાનો પણ જીવમાં નથી. અશુદ્ધ આત્મતત્ત્વ અને કર્મપુદ્‌ગલોનું પરસ્પર એકક્ષેત્રાવગાહી થવું તે પ્રદેશબંધ છે, તે બંધનાં સ્થાનો પણ જીવમાં નથી. શુભ-અશુભ કર્મોની નિર્જરા વખતે કર્મમાં સુખ-દુઃખરૂપ ફળ આપવાની શક્તિ તે અનુભાગબંધ છે, તેના સ્થાનોનો પણ અવકાશ શુદ્ધજીવતત્ત્વમાં નથી. તેમ જ દ્રવ્યરૂપ અને ભાવરૂપ કર્મોદયનાં સ્થાનોનો પણ શુદ્ધ જીવમાં અવકાશ નથી.

પોતાના આત્માનું સ્વરૂપ શું છે તે સમજે અને તેનાથી વિરુદ્ધ વિકારીભાવોને ઓળખે તો પોતાના સ્વરૂપમાં રહીને વિકારને ટાળે, અને જીવને ધર્મ થાય. જડ કર્મો તો આત્માથી જુદાં જ છે અને તેના કારણરૂપ વિકારી ભાવો પણ આત્માનું સ્વરૂપ નથી.

સંસારી જીવના પર્યાયમાં અશુદ્ધભાવો થાય છે ખરા, અને તેના નિમિત્તે કર્મોનો સંબંધ પણ છે ખરો, પરંતુ તે અશુદ્ધતાને અને કર્મના સંબંધને જ જીવ માનવાથી ધર્મ થતો નથી. જીવનું ત્રિકાળ ટકનારું શુદ્ધસ્વરૂપ વિકારથી અને કર્મોના સંબંધથી રહિત છે, તેની ઓળખાણ અને શ્રદ્ધાથી ધર્મ થાય છે. જડ કર્મોમાં ચાર પ્રકાર હોય છે—પ્રદેશ, પ્રકૃતિ, સ્થિતિ અને અનુભાગ. તેમાં સ્થિતિ અને અનુભાગબંધનું કારણ તો જીવના કષાયભાવ છે અને

**સુખરાશિ દયાનિધિ શીલપુંજ, કરુણાસમુદ્ર કરુણાપ્રપુંજ;**
**વજ્રોપમ વ્યવસાયી શિવસ્થ, નિશ્ચલ વિમુક્ત ધ્રુવ સુથિર સુસ્થ. ૨૭**

પ્રદેશ તથા પ્રકૃતિબંધનું કારણ યોગનો વિકાર છે. તે કર્મો અને તેના કારણરૂપ વિકારભાવોથી ભિન્ન શુદ્ધ જીવતત્ત્વ છે.

અહીં વસ્તુદૃષ્ટિથી આત્માનું સ્વરૂપ બતાવ્યું છે. આત્મા ત્રિકાળી વસ્તુ છે અને ક્ષણે ક્ષણે તેની અવસ્થા બદલાય છે. તેની ચાલતી હાલતમાં જે રાગ-દ્વેષાદિ ભાવો છે તે ક્ષણિક છે, આત્માના ત્રિકાળી સ્વરૂપમાં તે રાગાદિ નથી, તેથી તેના નિમિત્તે જે કર્મો બંધાય તે પણ આત્મામાં નથી. આત્માના અનિત્યપર્યાયમાં થતા પુણ્ય-પાપરૂપ ભાવો પણ આત્માનું સ્વરૂપ નથી, તો પછી જડ કર્મોનું બંધન તો આત્મામાં ક્યાંથી હોય ?

વસ્તુ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે; દ્રવ્ય અને પર્યાય બંનેની અપેક્ષા સમજવી જોઈએ. પર્યાયમાં વિકાર થાય છે, તે પર્યાયને ગૌણ કરીને ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાથી અત્યારે વસ્તુનું સ્વરૂપ વર્ણવાય છે; કેમ કે અત્યારે સમ્યગ્દર્શનના વિષયભૂત જીવનું સ્વરૂપ બતાવવું છે. જ્યારે પર્યાયની અપેક્ષાથી વસ્તુનું વર્ણન ચાલતું હોય ત્યારે એમ કહેવાય કે રાગાદિભાવો આત્મામાં જ થાય છે, કાંઈ જડમાં રાગાદિ થતા નથી; આત્મા જ રાગાદિ ભાવો કરે છે.—આ બંને વાત તો સાચી જ છે, પણ તેમાં અપેક્ષા ફેર છે. પહેલાં જે શુદ્ધ જીવદ્રવ્યની વાત કરી તે પરમાર્થનયનો વિષય છે અને બીજી, પર્યાયમાં રાગાદિની વાત કરી તે વ્યવહારનયનો વિષય છે. બંને અપેક્ષાઓથી વસ્તુસ્વરૂપ જેમ છે તેમ સમજવું જોઈએ.

સંસારમાં પહેલાં કોઈ સાથે પોતાની બેનને પરણાવી હોય, ત્યારે સામા માણસને પોતાના બનેવી તરીકે ઓળખે છે. અને પાછળથી તેની બેન સાથે પોતે પરણ્યો હોય તો તે જ માણસને પોતાના સાળા તરીકે પણ ઓળખે છે.—એમ જુદી જુદી અપેક્ષાએ એક જ માણસને બે રીતે ઓળખે છે. જ્યારે તે માણસને બનેવી તરીકે કહે ત્યારે સાળા તરીકેનો સંબંધ ગૌણ કરે છે. તેમ આત્માને પણ બે અપેક્ષાઓથી ઓળખાય છે. જો ત્રિકાળીદ્રવ્યની અપેક્ષાએ આત્માને જોઈએ તો તે શુદ્ધ નિર્વિકારી પરિપૂર્ણ છે; ને જો પર્યાયની અપેક્ષાએ જોઈએ તો તેમાં રાગ-દ્વેષ પણ થાય છે. ત્રિકાળીસ્વભાવને ઓળખાવવા માટે ક્ષણિક પર્યાયને ગૌણ કરીને એમ કહેવામાં આવે છે કે આત્મામાં વિકાર છે જ નહિ. પરંતુ પર્યાય અપેક્ષાએ પણ આત્મામાં વિકાર થતો નથી—એમ કોઈ માને તો તે અજ્ઞાની છે. રાગાદિ વિકારભાવો જડમાં થતા નથી પણ આત્માના પર્યાયમાં થાય છે; અને તે વિકારભાવો કર્મ કરાવતું નથી પણ જીવ પોતે જ કરે છે. વિકાર કરવાનો આત્માનો ત્રિકાળીસ્વભાવ નથી, તેથી

(જુઓ અનુસંધાન પેજ નં. ૫ ઉપર)

જિનનાયક જિનકુંજર જિનેશ, ગુણપુંજ ગુણાકર મંગલેશ;
ક્ષેમંકર અપદ અનન્તપાનિ, સુખપુંજશીલ કુલશીલ ખાનિ. ૨૮



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**जदि दव्वे पज्ञाया वि विज्ञमाणा तिरोहिदा संति ।**
**ता उप्पत्ति विहला पडपिहिदे देवदत्तिव्व ।।२४३।।**

અહીં તો પરિણમનની વાત છે. પરિણમનમાં બધી પર્યાયો એકસાથે પરિણમતી નથી; પરિણમનમાં તો વર્તમાન પર્યાય જ પ્રગટ છે. ભૂત-ભવિષ્યની પર્યાય પ્રગટ નથી, માટે પર્યાય અસત્ ઉત્પાદ છે એટલે કે પહેલા સમયમાં નહોતી, તે પર્યાય પ્રગટ થઈ, પહેલા હતી, તે ઉત્પન્ન થઈ—એમ કહીએ તો તે ગુણ થઈ ગયો. હકીકતમાં તો પર્યાયમાં સમય-સમયનો નિરપેક્ષ ઉત્પાદ છે. પહેલા સમયે નહોતી તે પર્યાય બીજે સમયે પ્રગટ થઈ—એવી અનાદિ-અનંતકાળમાં દરેક સમયે અવિદ્યમાન પર્યાયની ઉત્પત્તિ થાય છે. જુઓ, આ વસ્તુનો સ્વભાવ.

શરીરની પર્યાય પહેલા સ્થિર થાય, તે સમયે ગમનરૂપ પર્યાય અવિદ્યમાન છે, પછી ગમનરૂપ પર્યાય પ્રગટ થઈ તો તે ક્યાંથી પ્રગટ થઈ ? તે પર્યાય, જીવના કારણે થઈ નથી પણ તેના સ્વભાવથી જ તેની અવિદ્યમાન પર્યાયની ઉત્પત્તિ થઈ છે. પર્યાય હતી, તે ઉત્પન્ન થઈ—એમ પર્યાય અપેક્ષાએ નથી કહેવાતું. દરેક પદાર્થોમાં જે પર્યાય ઉત્પન્ન થાય છે તે પહેલા અવિદ્યમાન હતી; તે અવિદ્યમાન પર્યાયની ઉત્પત્તિ થાય છે. ગુણ ત્રિકાળ વિદ્યમાન હોય છે પરંતુ પર્યાય એક સમયમાં એક જ વિદ્યમાન હોય છે; માટે અવિદ્યમાન પર્યાયની ઉત્પત્તિ કહેવામાં આવે છે.

લોકમાં સર્વજ્ઞદેવે છ દ્રવ્યો જોયા છે, તેમની પર્યાય દરેક સમયે સ્વતંત્રરૂપથી પરિણમિત થઈ રહી છે—આવા વસ્તુસ્વરૂપનું સમ્યગ્દૃષ્ટિને ભાન હોય છે. સર્વપ્રથમ ચોથા ગુણસ્થાનમાં નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. ત્યારબાદ સ્વભાવની દૃષ્ટિપૂર્વક શુદ્ધતાની વૃદ્ધિ થતી થાય છે. ત્યાં જ્ઞાની જીવ વસ્તુસ્વરૂપની ભાવના ભાવે છે. ઉપશમ સમ્યગ્દર્શન થાય, ત્યારે પણ વસ્તુસ્વરૂપના ભાનપૂર્વક નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થઈ જાય છે. પરંતુ તેનો કાળ અધિક નથી. જો અનાદિથી પર્યાયને પરના આશ્રયે માનીને ગુણ-ગુણીમાં એકાંત ભેદ કરતો હતો, તેને બદલે હવે પર્યાયને અંતર્મુખ

**કરુણારસભોગી ભવકુઠાર, કુષિવત કૃશાનુ દારન તુસાર;**
**કૈતવરિપુ અકલ કલાનિધાન, ધિષણાધિપ ધ્યાતા ધ્યાનવાન. ૨૯**

કરીને અભેદ થવાથી અંશે શુદ્ધોપયોગ પ્રગટ થાય છે અને ત્યાં અનંતાનુબંધી કષાયના અભાવપૂર્વક શાંતિ પ્રગટ થાય છે. અજ્ઞાનીને તો વસ્તુસ્વરૂપનું ભાન જ નથી; માટે તેને સાચી શાંતિ હોતી નથી અને બારભાવના પણ સાચી હોતી નથી.

આ બાર ભાવના સમ્યગ્દષ્ટિ જીવોને આનંદની જનની છે. ધર્મી જીવને ચિદાનંદ સ્વભાવનું ભાન છે, તેને અનિત્યાદિ બાર ભાવનાનું ચિંતવન કરવાથી જ્ઞાનની એકાગ્રતા થઈ જાય છે અને વીતરાગભાવની વૃદ્ધિ થતી જાય છે–તેનું નામ ભાવના છે.

આ ભાવનાઓ આસ્રવ નહીં, પરંતુ સંવરનો પ્રકાર છે. વચમાં શુભરાગ આવે, તે આસ્રવ છે, તેની આ ભાવનામાં મુખ્યતા નથી. આત્મસ્વભાવની દૃષ્ટિપૂર્વક શુદ્ધતાની વૃદ્ધિ થવી તેનું નામ ભાવના છે. સ્વભાવના ભાન વિના શુભરાગથી બાર ભાવના ભાવવાની વાત અહીં નથી. અહીં તો જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિપૂર્વક આ ભાવનાઓ ભાવવાથી જ્ઞાનની એકાગ્રતા થતી થાય છે અને શુદ્ધતાની વૃદ્ધિ થાય છે—તેનું નામ ભાવના છે.

સર્વપ્રથમ જ્ઞાનસ્વભાવની રુચિ થવી જોઈએ. સત્ય વસ્તુસ્વરૂપ શું છે અને કોના આશ્રયે કલ્યાણ છે? તેનો નિર્ણય હોવો જોઈએ. ત્યારબાદ ભલે થોડો પ્રમાદ હોય, રાગ હોય પરંતુ રુચિમાં સ્વભાવની તરફનું જોર હોવું જોઈએ, ત્યારે તે જીવ સાચા માર્ગ પર છે.

અજ્ઞાની જીવને પોતાને પરાધીન દૃષ્ટિ હોવાથી શાસ્ત્રોમાં તે પરાધીનતાાનો જ આશય કાઢીને શાસ્ત્રોને પોતાના અનુકૂળ બનાવવા માગે છે પરંતુ શાસ્ત્રોમાં એવો આશય છે જ નહીં. તે જીવ, ગુરુગમ વિના સ્વચ્છંદતાથી શાસ્ત્રોના ઊંધા અર્થો કાઢે છે. અહીં તો કહે છે કે દ્રવ્યની દરેક સમયની પર્યાય સ્વતંત્ર છે. ચિદાનંદસ્વભાવની દૃષ્ટિમાં ધર્મી જીવને રાગની પણ ભાવના નથી—આવા જીવને વસ્તુસ્વરૂપની ભાવના હોય છે, જેનું વર્ણન આ ગ્રંથમાં ચાલી રહ્યું છે.

**सव्वाणं पज्जयाणं अविज्जमाणाण होदि उप्पत्ती ।**
**कालाईलद्धीए अणाइणिहणम्मि दव्वम्मि ।।२४४।।**

અર્થ :—અનાદિનિધન દ્રવ્યમાં કાળાદિ લબ્ધિથી સર્વ અવિદ્યમાન પર્યાયોની જ ઉત્પત્તિ છે.

**છપાકરોપમ છલરહિત, છેત્રપાલ છેત્રજ્ઞ;**
**અંતરિક્ષવત ગગનવત્, હુતકર્મા કૃતયજ્ઞ. ૩૦**


ભાવાર્થ :—અનાદિનિધન દ્રવ્યમાં કાળાદિ લબ્ધિથી અવિદ્યમાન અર્થાત્ અણછતી પર્યાય જ ઊપજે છે. પણ એમ નથી કે 'બધી પર્યાયો એક જ સમયમાં વિદ્યમાન છે તે ઢંકાતી–ઊઘડતી જાય છે.' પરંતુ સમયે સમયે ક્રમપૂર્વક નવીન નવીન જ પર્યાયો ઊપજે છે. દ્રવ્ય તો ત્રિકાળવર્તી સર્વ પર્યાયોનો સમુદાય છે અને કાળભેદથી પર્યાયો ક્રમે થાય છે.

નિયત કહો, યોગ્યતા કહો, સુકાળ કહો, કાળલબ્ધિ કહો—તે વસ્તુમાં દરેક ક્ષણે પોતાના સ્વરૂપથી જ ઉત્પન્ન થાય છે તથા વસ્તુમાં ત્રણકાળની પર્યાયોનો ક્રમ નિશ્ચિત છે પરંતુ તે પ્રગટરૂપ નથી. એક સમયમાં એક પર્યાય જ ઉપસ્થિત હોય છે અને બીજી પર્યાય અણઉપસ્થિત હોય છે; માટે અવિદ્યમાન પર્યાયોની ઉત્પત્તિ કહેવામાં આવે છે. દ્રવ્ય અપેક્ષાએ એમ કહેવામાં આવે છે કે 'જે હતું તે ઉત્પન્ન થયું, માટે સત્‌નો ઉત્પાદ છે' પરંતુ અહીં પર્યાયની અપેક્ષાએ વાત છે. પર્યાય અપેક્ષાએ જે પર્યાય પ્રથમ નહોતી તે ઉત્પન્ન થઈ—એવો અસત્‌નો ઉત્પાદ છે. પર્યાય પહેલા નહોતી તો થઈ ક્યાંથી? વસ્તુનું સ્વરૂપ જ એવું છે કે તેમાં અવિદ્યમાન પર્યાયોની ઉત્પત્તિ થાય છે, નિમિત્ત તેની ઉત્પત્તિ કરતું નથી. ઉદાસીન નિમિત્ત હોય કે પ્રેરક નિમિત્ત હોય—તે બંને ભેદ પર છે. તેઓ ઉપાદાનમાં કાંઈ કરતા નથી. નિમિત્તના પ્રકારોની ઓળખાણ કરાવવા માટે તેને પ્રેરક અને ઉદાસીન એમ બે પ્રકારે ભેદ પાડીને કહેવામાં આવ્યા છે. પણ તેનો અર્થ એ નથી કે પ્રેરક નિમિત્તે ઉપાદાનમાં કાંઈ કર્યું છે. નિમિત્ત અનુકૂળ હોય છે તે પરિણમનના કાળમાં જ નિમિત્ત કહેવામાં આવે છે. જેમ, ગતિમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે; તે જ પ્રમાણે નિમિત્ત અનુકૂળ હોય છે. પ્રેરક નિમિત્ત છે તે પણ ઉદાસીનવત્ છે. દરેક નિમિત્ત ધર્માસ્તિકાયવત્ છે. ધજા હલે છે, તેમાં ધર્માસ્તિકાયને ઉદાસીન અને હવાને પ્રેરક નિમિત્ત કહેવામાં આવે છે, કારણ કે હવા પોતે ગતિ કરે છે માટે તેને પ્રેરક નિમિત્ત કહેવામાં આવે છે. પરંતુ તે કોઈ ધજાને ગતિ કરાવતું નથી. તાત્પર્ય એ છે કે દરેક દ્રવ્ય પોતપોતાની સ્વકાળલબ્ધિથી જ ઉત્પન્ન થાય છે. જે કાળમાં જે પર્યાય થઈ, તે કાળલબ્ધિ છે; પર્યાયથી ભિન્ન કોઈ કાળલબ્ધિ નથી. (ક્રમશઃ) ❊

**લોકાંત લોકપ્રભુ લુપ્તસમુદ્ર, સંવર સુખધારી સુખસમુદ્ર;**
**શિવરસી ગૂઢરૂપી ગરિષ્ટ, બલરૂપ બોધદાયક વરિષ્ટ. ૩૧**





# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



## નરકગતિનાં દુઃખોનું વિશેષ વર્ણન

तिल तिल करैं देहके खंड असुर भिडावैं दुष्ट प्रचंड ।
सिन्धुनीरतैं प्यास न जाय, तोपण एक न बून्द लहाय ।।११।।




સેમરવૃક્ષના તલવાર જેવા પાંદડાના પ્રહારથી નારકીનાં શરીર છેદાઈ જાય છે; તે ઉપરાંત નારકી જીવો પરસ્પર લડીને એકબીજાના શરીરના તલ તલ જેવડા ટૂકડા કરી નાંખે છે. નારકીનું શરીર એવું વૈક્રિયિક હોય છે કે લાખો કટકા થઈને પારાની જેમ વેરવિખેર થઈ જાય છે છતાં તે મરતો નથી, પાછું તેનું શરીર ભેગું થઈ જાય છે. અને તે નારકીઓને એવી આકરી તરસ લાગે છે કે જાણે આખા દરિયાનાં પાણી પી જાઉં! પરંતુ પીવા માટે તેને એક ટીપું પણ પાણી મળતું નથી; ઉલટા પરમાધમીઓ તેનું ગળું ફાડીને તેમાં તાંબાનો ધગધગતો રસ રેડે છે. દુષ્ટ હલકા અસુર દેવો કુતૂહલવશ ત્યાં જઈને નારકીઓને એકબીજાની સાથે ક્રૂરપણે લડાવે છે; એકબીજા સાથેનું પૂર્વભવનું વેર યાદ કરાવીને તેમને લડાઈ કરાવે છે. નારકીઓ પણ ક્રૂરપરિણામી હોવાથી કૂતરાની માફક એકબીજાની સામે લડ્યા જ કરે છે. નારકીમાં સ્ત્રી–પુરુષ હોતા નથી, બધાય નપુંસક જ હોય છે. ક્રોધાદિથી તેઓ સદા અત્યંત દુઃખી રહે છે, ને અસાતાનો પણ તીવ્ર ઉદય છે. કરોડો—અબજો કે અસંખ્યાત વર્ષના આયુ દરમિયાન પાણીનું એક ટીપું એને કદી પીવા નથી મળતું, કે અનાજનો એક દાણોય ખાવા નથી મળતો. બધા નારકી જીવોને કુઅવધિજ્ઞાન હોય છે. (—જે સમ્યગ્દૃષ્ટિ હોય તેને સુઅવધિજ્ઞાન હોય છે.) મિથ્યાદૃષ્ટિ નારકીઓને તે કુઅવધિજ્ઞાન પણ સંક્લેશનું જ કારણ થાય છે.

જ્યાં એક ઘડી પણ સુખ નથી, સાતા નથી એવી નરકનાં દુઃખો ધર્મ વગર જીવે

વિદ્યાપતિ ધીધવ વિગતવામ, ધીવંત વિનાયક વીતકામ;
ધીરસ્વ શિલીદ્રમ શીલમૂલ, લીલાવિલાસ જિન શારદૂલ. ૩૨

અનંતવાર ભોગવ્યાં. અરે, જ્ઞાનનો ને સુખનો સાગર પોતે પોતાને ભૂલીને દુઃખના સાગરમાં ડૂબ્યો. ત્યાં પીડાથી રાડેરાડ પાડતો પોકાર કરે છે, પણ એનો પોકાર સાંભળનાર ત્યાં કોઈ નથી. ઊલ્ટું તેનાં પાપો યાદ કરાવીને કહે છે કે લે, તને માંસ બહુ ભાવતું હતું ને!—તો આ ખા!—એમ કહીને તેના જ શરીરમાંથી કટકા કાપીને તેના મોઢામાં નાંખે છે; લે, તને દારૂનો બહુ શોખ હતો ને!—તો આ પી!—એમ કહીને તેનું મોઢું સાણસાથી ફાડીને તેમાં ધગધગતા સીસાનો રસ રેડે છે. આમ તેનાં પાપો યાદ કરાવી-કરાવીને તેને મહા દુઃખ દે છે. આ દુઃખના સાગરની સામે સુખનો સાગર પણ અંદર ભર્યો છે. કોઈ કોઈ જીવ નરકની ઘોર દુઃખવેદનાથી ત્રાસીને વિચારે છે કે અરે, આવું દુઃખ! આનાથી છૂટવાનો ક્યાંય આરો!—એમ વિચારતાં અંદર શાંતિનું ધામ લક્ષમાં લઈ લ્યે છે ને સમ્યગ્દર્શન પામી જાય છે.

—નરકમાં સમ્યગ્દર્શન?

—હા ભાઈ; ત્યાં પણ આત્મા છે ને! આત્મા અંતર્મુખ થઈને ત્યાં પણ સમ્યગ્દર્શન પામી શકે છે...ને દુઃખના ખારા દરિયા વચ્ચે પણ શાંતિનું મીઠું ઝરણું પ્રાપ્ત કરી લ્યે છે. ભાઈ, તું તો મનુષ્ય છો, અહીં તો નરકની પ્રતિકૂળતાનો લાખમો ભાગ પણ નથી; તો ધર્મની પ્રાપ્તિનો આ અવસરમાં ઉદ્યમ કર કેમકે ધર્મને ભૂલીને કુદેવ–કુગુરુ–કુધર્મનું સેવન કરવાથી, ને સાચા દેવ–ગુરુ–ધર્મનો અવિનય કરવાથી જીવ નરકાદિ ઘોર દુઃખના દરિયામાં પડે છે, તેમાંથી તેને ઉગારનાર એકમાત્ર વીતરાગી ધર્મ જ છે. માટે એવા ધર્મનું સેવન કર.

ભાઈ, અજ્ઞાનથી તેં પાપ તો અનંતવાર કર્યાં, ને તેનાં કડવાં ફળ પણ અનંતવાર ભોગવ્યા, પણ એકવાર તારા ચૈતન્યગુણને ઓળખીને આનંદરસને ચાખ! મિથ્યાત્વનાં ઝેરનો સ્વાદ લીધો હવે ચૈતન્યના અમૃતનો સ્વાદ લે. અનંત સુખસ્વભાવને ભૂલી અનંતાનુબંધી મિથ્યાત્વાદિ ભાવો સેવીને નરકમાં ગયો એટલે ત્યાં દુઃખ પણ અનંતુ છે. અનંતસુખનો અનાદર, તો તેની સામે અનંત દુઃખ.—આમાં ક્યાંય એવી લાગવગ ચાલે એવું નથી કે પોતે કરેલાં પાપોથી જીવ છૂટી જાય. હા, ધર્મના સેવનવડે પાપનો નાશ થઈ જાય છે. સમ્યક્ત્વના સેવનવડે અનંતા પાપો એક ક્ષણમાં નષ્ટ થઈ જાય છે. દુઃખમય સંસાર-પરિભ્રમણમાં આવો ધર્મ પામવો જીવને બહુ દુર્લભ છે. પણ દુઃખથી છૂટવું હોય તેણે એ ધર્મ પ્રગટ કર્યા વગર છૂટકો નથી. ધર્મ વિના બીજું કોઈ દુઃખમાંથી ઉગારનાર નથી. માટે—

**'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી...આરાધ! આરાધ! પ્રભાવ આણી,**
**અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.'**

**પરમારથ પરમાતમ પુનીત, ત્રિપુરેશ તેજનિધિ ત્રપાતીત;**
**તપરાશિ તેજકુલ તપનિધાન, ઉપયોગી ઉગ્ર ઉદોતવાન. ૩૩**

સર્વજ્ઞે કહેલા ધર્મને જે સેવતો નથી ને કુધર્મના સેવનને છોડતો નથી, તે જીવ ઘોર દુઃખના દરિયામાંથી કેમ કરીને બહાર નીકળશે? જીવે દુનિયાના નિષ્પ્રયોજન પદાર્થોની પરીક્ષા કરી, પણ પોતાના હિત–અહિતનો વિવેક ન કર્યો. જો કુદેવ–કુગુરુ–કુધર્મને અને સુદેવ–સુગુરુ–સુધર્મને પરીક્ષા કરીને ઓળખે તો સત્યની ઉપાસનાવડે સમ્યગ્દર્શન થાય ને દુઃખ મટે.

ભાઈ, આ તારા નરકાદિ દુઃખોની કથા તેનાથી છૂટવા માટે તને સંભળાવાય છે. સ્વયંભૂરમણ દરિયાનું પાણી—જે અસંખ્ય યોજનમાં વિસ્તરેલું છે ને સ્વાદમાં મધુર છે,—તે બધું પાણી પી જાઉં–તોપણ જાણે કે મારી તૃષા નહિ મટે, એટલી તો જેની તૃષા છે, પણ પીવા માટે પાણીનું ટીપું મળતું નથી, અસહ્ય તરસથી પીડાય છે. ચૈતન્યના શાંતરસ વિના એની તૃષા ક્યાંથી મટે? જ્યારે અવસર હતો ત્યારે ચૈતન્યના શાંતરસનું પાન કર્યું નહિ ને તેનાથી વિરુદ્ધ અનંત ક્રોધાદિ કષાયઅગ્નિ સેવ્યા, તો બહારમાં તીવ્ર તૃષામાં તે જીવો બળી રહ્યા છે. મુનિવરો તો ચૈતન્યના ઉપશમરસમાં એવા લીન થાય છે કે પાણી પીવાની વૃત્તિ પણ છૂટી જાય છે. અહીં તો માંદો પડ્યો હોય ને પાણી લાવતાં જરાક મોડું થાય ત્યાં ક્રોધથી ધુંવાફુવાં થઈ જાય કે 'બધા ક્યાં મરી ગયા!–કેમ કોઈ પાણી નથી આપતું?'–પણ ભાઈ, જરાક ધીરજ રાખતાં શીખ...થોડુંક સહન કરતાં શીખ. એ નરકમાં તને કોણ પાણી પાનાર હતું? પાણીનું નામ લેતાંય મોઢામાં ધગધગતો રસ રેડાતો–એ બધું ભૂલી ગયો! થોડુંક પણ સહન કરતાં ન આવડે તો દેહબુદ્ધિને તું કેવી રીતે છોડીશ? ને દેહબુદ્ધિ છોડ્યા વગર તારાં દુઃખો કેમ મટશે? અનંતા દુઃખો તેં દેહબુદ્ધિથી જ ભોગવ્યા છે. માટે હવેથી ભિન્ન આત્માને ઓળખ ભાઈ!

નારકી જીવો મારામારી ને કાપાકાપી કરીને એકબીજાને બહુ દુઃખ આપે છે. અરે, અહીં મનુષ્યમાં પણ જુઓને! વેરબુદ્ધિથી એકબીજાને બંધૂકે ઉડાડી દે છે ને! કેટલી ક્રૂરતા! એક માણસને જેની સાથે વેર હતું તેને ન પહોંચી શક્યો એટલે તેના મોટા મોટા ચાર બળદિયાના પગ કૂહાડેથી કાપી નાંખ્યા. જુઓ તો ખરા વેરબુદ્ધિ! આવા જીવો નરકમાં જઈને ત્યાં પણ વેરબુદ્ધિથી એકબીજાને ક્રૂરપણે મારે છે. એમ ઘણાં લાંબાકાળસુધી મહા દુઃખો ભોગવે છે. માંડમાંડ ત્યાંથી બહાર નીકળ્યો ત્યાં બધું ભૂલી ગયો ને પાપ કરીને ફરી પાછો અસંખ્ય વર્ષ નરકમાં જઈને પડ્યો. કોઈ જીવ નરકમાંથી અસંખ્ય વર્ષે નીકળીને વચ્ચે માત્ર અંતર્મુહૂર્તમાં બીજો ભવ કરી આવે, અંતર્મુહૂર્તમાં આંતરે ફરી પાછો અસંખ્યવર્ષ નરકમાં

ઉત્પાતહરણ ઉદ્દામધામ, વ્રજનાથ વિમક્ષર વિગતનામ;
બહુરૂપી બહુનામી અજોષ, વિષહરણ વિહારી વિગતદોષ. ૩૪

જાય. માત્ર અંતર્મુહૂર્ત બહાર નીકળ્યો તેમાં એવા તીવ્ર સંક્લેશ પરિણામો કર્યા કે તેના ફળમાં પાછો નરકમાં જઈને પડ્યો. જુઓ તો ખરા જીવના પરિણામની તાકાત! ઊંધો પડ્યો તો અંતર્મુહૂર્તમાં સાતમી નરકે જાય, ને સવળો થાય તો અંતર્મુહૂર્તમાં મોક્ષને સાધે. નરકમાંથી નીકળી વચ્ચે એકભવ કરી પાછો નરકમાં, વળી વચ્ચે એક બીજો ભવ કરીને પાછો નરકમાં,—એમ ઉપરા—ઉપરી આઠવાર (વચ્ચે એકેક બીજો ભવ કરીને) કોઈ જીવ નરકમાં જાય ને મહાન દુઃખ પામે. એકેન્દ્રિયમાં તો તેનાથી યે અનંતગણું દુઃખ છે—કે જે વ્યક્ત કરવાનું સાધન પણ તેની પાસે નથી, ચેતના જ ગુમાવી બેઠા છે. નારકીના શરીરને ખાંડીને તલ તલ જેવડા ટૂકડા કરીને વેરણછેરણ કરી નાંખે; અખંડ આત્માની એકતાને પાપથી ખંડખંડ કરી નાંખી તેથી શરીર પણ ખંડખંડ થઈ જાય એવું મળ્યું. ખંડખંડ થઈ જાય ને પાછું ભેગું થઈ જાય—છતાં પ્રાણ છૂટે નહિ ને મહા વેદના ભોગવે. સિદ્ધભગવંતો આત્મામાં એકતાથી અખંડ આનંદ ભોગવે છે, ને આ જીવો દેહબુદ્ધિથી શરીરના ખંડખંડ વડે અનંત દુઃખ ભોગવે છે. અનંત ગુણના અનાદરનું દુઃખ અનંત છે. સિદ્ધભગવંતોનો આનંદ અનંતો ને અનંતકાળ સુધી છે, તેને ભૂલીને અજ્ઞાનથી અનંતદુઃખ અનંતકાળ સુધી જીવે પૂર્વે ભોગવ્યું. પોતાના અનંત સ્વભાવને ચૂકીને સામગ્રીમાં અનંત અભિલાષા કરી તે જીવ અનંત પ્રતિકૂળતાના દુઃખને ભોગવે છે; કોઈકને બહારમાં પ્રતિકૂળતા ન હોય તોપણ અંદર મોહનું મહા દુઃખ છે. બહારની પ્રતિકૂળતા તો નિમિત્ત છે, ખરું દુઃખ તો મિથ્યાત્વાદિ મોહભાવનું જ છે. નિર્મોહી જીવો સુખી છે. મોહથી જ તું દુઃખ ભોગવી રહ્યો છે, માટે ભાઈ! તું મોહને છોડ, ને આત્માને જાણ.

(ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૨૯ થી ચાલુ) (ગુરુદેવશ્રીની તત્ત્વચર્ચા)

શુભરાગ ઊઠે છે. તેથી તે પણ પાપ છે. શુભરાગમાં સ્વની હિંસા થાય છે તેથી પ્રવચનસાર ગાથા ૭૭માં કહ્યું છે કે પુણ્ય-પાપમાં જે ભેદ માને છે—તફાવત માને છે તે મિથ્યાદષ્ટિ ઘોર સંસારમાં રખડશે. તે પ્રમાણે યોગસાર ગાથા ૭૧માં શ્રી યોગીન્દુદેવ કહે છે—

પાપ ભાવકો પાપ તો જાનત હૈ સબ લોય,
પુણ્ય ભાવ ભી પાપ હૈ જાને વિરલા કોય.

આહાહા! આ વાત તો જેને અંતરમાં ભવનો તાપ લાગ્યો હોય, અને ભવથી મુક્ત થવું હોય તેવા ભવ્યજીવને ગળે ઉતરશે.

છિતિનાથ છમાધર છમાપાલ, દુર્ગમ્ય દયાર્ણવ દયામાલ;
ચતુરેશ ચિદાતમ ચિદાનંદ, સુખરૂપ શીલનિધિ શીલકન્દ. ૩૫



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

(૧૨) "સમ્યક્ત્વ સાધક છે ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાધ્ય છે." સમકિતી જીવને આત્માનું ભાન થયું છે. મારા જ્ઞાન-દર્શનની પરિણતિ સ્વભાવમાં એકત્વ થાય તો લાભ છે, તેવો સમકિતી જીવ સાધક છે. તે પુણ્ય-પાપ સાધતો નથી, નિમિત્તને દૂર કરતો નથી. આત્મા પોતે પોતાના ગુણને સાધે છે માટે સમ્યક્ત્વ સાધક છે ને દર્શન-જ્ઞાન-ચારિત્ર સાધ્ય છે.

દરેક ગુણ પોતે પોતાને સાધે છે, તે સ્વરૂપને સાધે છે ને આત્માના અનંત ગુણોને સાધવામાં મદદ કરે છે, માટે દરેક ગુણ સાધુ છે. હું જ્ઞાન છું, વિકલ્પ શરીરાદિ મારું સ્વરૂપ નથી એમ જ્ઞાનગુણ સાધુ છે. દર્શન પોતાની નિર્મળ પર્યાયને સાધે છે. માટે સાધુ છે. આનંદ ગુણ સહજાનંદ સ્વરૂપ છે. એવું ભાન કરેલ છે. માટે આનંદગુણ સાધુ છે—આમ અનંતા ગુણો સાધક થઈને પૂર્ણદશાને સાધ્ય કરે છે. આમ અનંતા ગુણોને પ્રતીતિમાં લીધા છે માટે સમ્યક્ત્વ સાધક છે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાધ્ય છે. ધર્મી જીવનું સાધ્ય પુણ્ય-પાપ નથી. ગૃહસ્થાશ્રમમાં રહેલા સમકિત જીવને ભાન છે કે શરીર તે હું નથી. જે રાગ થાય છે તે હું નથી. આમ આત્મસ્વભાવના અવલંબે જે રાગરહિત દશા થાય તેને ધર્મ કહે છે.

દરેક ગુણ યતિ છે. વિકારને જીતે છે માટે યતિ છે. સમકિતે આત્માના બધા ગુણોની નિર્વિકાર પ્રતીતિ કરેલ છે. એમ અનંતા ગુણો યતિ છે. તેવી રીતે અનંતા ગુણો ઋષિ છે. દરેક ગુણ પોતાની ઋદ્ધિ જાળવી રાખે છે ને બીજાની ઋદ્ધિ જાળવવામાં નિમિત્ત છે. માટે દરેક ગુણ ઋષિ છે. અનંતા ગુણો મુનિ છે. મન-વાણી વિનાના આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સ્વચ્છત્વ, વિભુત્વ, કર્તા, કરણ, સંપ્રદાન વગેરે બધા ગુણો મુનિ છે-પોતે પોતાને પ્રકાશે છે. ગુણને પ્રત્યક્ષ શ્રદ્ધામાં લઈ પ્રગટ કરવા મથે છે, માટે દરેક ગુણને મુનિ કહે છે.

શરીર, મન, વાણી તેના કારણે આવશે ને જશે, રાગ તેના કાળે થશે. જો સાધક

રસવ્યાપક રાજા નીતિવંત, ઋષિરૂપ મહર્ષિ મહમહંત;
પરમેશ્વર પરમઋષિ પ્રધાન, પરત્યાગી પ્રગટ પ્રતાપવાન. ૩૬

થવું હોય તો અનંતા ગુણોનો વિશ્વાસ કર.

એક સત્તાગુણ છે તે પણ સાધુ છે, તે દ્રવ્યની સત્તા, ગુણની સત્તા ને પર્યાયની સત્તાને સાધે છે માટે સત્તા સાધુ છે. જીવે પોતાનો વિશ્વાસ કર્યો નથી. સત્તા દ્રવ્ય, ગુણ, પર્યાયને સાધે છે. માટે સાધુ સત્તા વિકારને જીતે છે માટે યતિ છે. દ્રવ્યની ઋદ્ધિ, ગુણની ઋદ્ધિ ને પર્યાયની ઋદ્ધિ જાળવી રાખે છે માટે સત્તાગુણ ઋષિ છે. આમ અનંતા ગુણોને પ્રતીતિમાં લીધા તે જીવ સાધક છે ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય તે સાધ્ય છે.

આત્મામાં આવા અનંત ગુણો છે. તેનો વિશ્વાસ કર. તેનાથી ધર્મ થાય છે. શાસ્ત્રભણતરથી કે રાગથી કે અમુક આહારથી દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટતા નથી. આત્માની શ્રદ્ધા કરનારને સાધક કહ્યો ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યાં તેને સાધ્ય કહ્યું છે. બહુ વ્રત કરીને, પુણ્ય કરીને દેવમાં જવું તે સમકિતનું ફળ નથી. શુભરાગ તેના કાળે હો પણ અનંતા ગુણોની પ્રતીતિ કરવી તે સાધક છે ને તેનું ફળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

(૧૩) ''ગુણમોક્ષ સાધક ને દ્રવ્યમોક્ષ સાધ્ય છે.''

આત્મામાં સમ્યક્ત્વ આદિ અનંતગુણો છે તેવું ભાન થયા પછી વીતરાગતા વધારતાં આઠે કર્મોનો નાશ થાય છે ને સિદ્ધ થઈ જાય છે. અંતર શક્તિઓ છે તેની પ્રતીતિ, જ્ઞાન, રમણતા થઈને રાગ તથા વિકારથી છૂટ્યા એટલે કે રાગદ્વેષમાં તથા અલ્પજ્ઞાનમાં ને અલ્પવીર્યમાં અટકતા હતા તે મટી ગયું. એટલે કેવળજ્ઞાનાદિ પ્રગટ્યાં તે ગુણમોક્ષ થયો. આમ ગુણમોક્ષ થતાં દ્રવ્યમોક્ષ થાય છે એટલે કે સિદ્ધદશા પ્રાપ્ત કરે છે. અનંત ગુણોની પરિણતિ પોતાના ગુણને સંગે એકાગ્ર થઈ તે ગુણમોક્ષ થયો. પ્રથમ શ્રદ્ધા મિથ્યાશ્રદ્ધામાં અટકતી, ચારિત્ર રાગ-દ્વેષમાં અટકતું, જ્ઞાન દર્શન અલ્પદશામાં અટકતાં હતાં તે અધૂરાપણું ને વિપરીતપણું હતું તે બંધ હતો. તે બંધ કર્મને લીધે નહિ, જડને લીધે નહિ પણ પોતાના કારણે જ્ઞાન, દર્શન ને વીર્યમાં ઓછાપણે થતો ને શ્રદ્ધા-ચારિત્રમાં વિપરીતપણે થતો હતો, તે બંધ હતો. તે મટીને ગુણમોક્ષ થયો.

અલ્પ દર્શનનો પર્યાય મટીને કેવળદર્શનરૂપે થયો,

અલ્પ જ્ઞાનનો પર્યાય મટીને કેવળજ્ઞાનરૂપે થયો.

**પરતક્ષપરમસુખ પરમમુદ્ર, હન્તારિ પરમગતિ ગુણસમુદ્ર;**
**સર્વજ્ઞ સુદર્શન સદાતૃપ્ત, શંકર સુવાસવાસી અલિપ્ત. ૩૭**

ઊંધી શ્રદ્ધાનો પર્યાય મટીને પરમ અવગાઢ સમ્યગ્દર્શનરૂપ થયો.

ઊંધા ચારિત્રનો પર્યાય મટીને પરમ યથાખ્યાત ચારિત્રરૂપ થયો.

અલ્પ વીર્યપર્યાયનો વ્યય થઈને અનંત વીર્યરૂપ થયો.

આ પ્રમાણે અનંત ચતુષ્ટય પ્રગટ્યાં તે કેવળજ્ઞાનીની દશા થઈ. પછી કેવળી ભગવાનને ચાર કર્મો ટાળવાનો પ્રયત્ન કરવો પડતો નથી. ચારે અઘાતિ કર્મો ટળી સિદ્ધદશા થાય છે એટલે દ્રવ્યમોક્ષ થાય છે. આવી રીતે ગુણમોક્ષ થતાં દ્રવ્યમોક્ષ થાય છે, સિદ્ધદશા પ્રગટે છે.

(૧૪) આત્મામાં સમ્યગ્દર્શન થયું છે. ત્યાર પછી ચારિત્રદશા થઈ છે. ભાવલિંગી દશા થઈ છે, ત્યારપછી સ્વરૂપની દશા વધે છે તે રાગરહિત વિશેષ એકાગ્રતાની ધારા વધે છે. તેને ક્ષપકશ્રેણી કહે છે. ક્ષપકશ્રેણીવાળાને કેવળજ્ઞાન થાય જ. માટે ક્ષપકશ્રેણી સાધક છે ને તદ્ભવ મોક્ષ સાધ્ય છે.

(૧૫) ''દ્રવ્યલિંગ ને ભાવિત સ્વરૂપભાવ સાધક છે ને સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે.'' વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ વર્ણવ્યું છે. જેવું માતાએ જન્મ્યું એવું શરીર હોય ને અંતરથી ભાવિત સ્વરૂપભાવ હોય. એકલા નગ્ન હોય તેની વાત નથી. અંતરના ભાનવાળો હોય ને સ્વરૂપમાં અંતર શુદ્ધતા ઘણી વધી ગઈ હોય ને બાહ્યમાં નગ્નદશા હોય તેની વાત છે. આવો સહજ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. બાહ્યમાં નગ્નદશા ને અંતરમાં સ્વરૂપ રમણતા બંને હોય તો કેવળજ્ઞાનની તૈયારીવાળો કહેવાય. કોઈ કહે કે અમને અંતરમાં વીતરાગતા છે પણ અમને વસ્ત્ર મૂર્છા વિના શરીર ઉપર રહેલાં છે, તો તે મિથ્યાદૃષ્ટિ છે. સ્વરૂપે નગ્ન એટલે ચિદાનંદ આત્મામાં વસ્ત્ર સંબંધી રાગનો નાશ ને બાહ્યમાં વસ્ત્રનો અભાવ એટલે કે શરીરની નગ્ન અવસ્થાનો મેળ હોય તો સાક્ષાત્ મોક્ષ સાધે.

દ્રવ્યભાવ એટલે બાહ્યથી નગ્ન ને પાંચ મહાવ્રતાદિના પરિણામ તે અંતરમાં લીનતારૂપી પરિણામવાળાનો મોક્ષ થાય છે. જેને ભાવસ્વરૂપનું ભાન ન હોય તેને કેવળજ્ઞાન થાય નહિ. ને જેને ભાન હોય ને અંતરસ્થિરતા વધે ત્યારે બાહ્ય શરીર નગ્ન ન હોય એમ બને નહીં. માટે બંને વાત કરેલ છે. હાથીના હોદ્દે બેસીને તથા ગૃહસ્થદશામાં કેવળજ્ઞાન પામે તે વાત ખોટી છે. માટે દ્રવ્યલિંગ તે ભાવિત સ્વરૂપભાવ સાધક છે ને સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે. (ક્રમશઃ) ❋

**શિવસમ્પુટવાસી સુખનિધાન, શિવપંથ શુભંકર શિખાવાન;**
**અસમાન અંશધારી અશેષ, નિર્દ્વન્દી નિર્જંડ નિરવશેષ. ૩૮**

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

## દ્વાદશ–અનુપ્રેક્ષા (બારસ અણુવેક્ખા)

### (૨) અશરણ અનુપ્રેક્ષા

मणिमंतोसहरक्खा हयगयरहओ य सयलविज्जाओ ।
जीवाणं ण हि सरणं तिसु लोए मरणसमयम्हि ।।८।।

મરણ સમયે જીવને ત્રણે લોકમાં મણિ, મંત્ર, ઔષધિ, રક્ષકસામગ્રી, હાથી, ઘોડા, રથ અને સમસ્ત વિદ્યાઓ શરણ નથી અર્થાત્ મરણથી બચાવવા માટે સમર્થ નથી. ૮.

सग्गो हवे हि दुग्गं भिच्चा देवा य पहरणं बज्जं ।
अइरावणो गइंदो इदस्स ण विज्जदे सरणं ।।९।।

જેમનો સ્વર્ગ કિલ્લો છે, દેવ સેવક છે, વજ્ર શસ્ત્ર છે અને ઐરાવત ગજરાજ છે તેવા ઈન્દ્રને પણ કોઈ શરણ નથી–તેને પણ મૃત્યુથી બચાવવાવાળો કોઈ નથી. ૯.

णवणिहि चउदहरयणं हयमत्तगइंदचाउरंगबलं ।
चक्केसस्स ण सरणं पेच्छंतो कद्दये कालो ।।१०।।

નવ નિધિઓ, ચૌદ રત્નો, ઘોડાઓ, મત્ત હાથી અને ચતુરંગિણી સેના ચક્રવર્તીને શરણ નથી, જોતજોતામાં કાળ તેને નષ્ટ કરી નાખે છે. ૧૦.

जाइजरामरणरोगभयदो रक्खेदि अप्पणो अप्पा ।
तम्हा आदा सरणं बंधोदयसत्तकम्मवदिरित्तो ।।११।।

જે કારણે આત્મા જ જન્મ, જરા, મરણ, રોગ અને ભયથી આત્માની રક્ષા કરે છે તે જ કારણે બંધ, ઉદય અને સત્તારૂપ અવસ્થાએ પ્રાપ્ત કર્મોથી પૃથક્ રહેનાર આત્મા જ શરણ છે–આત્માની નિષ્કર્મ અવસ્થા જ તેને જન્મ, જરા આદિથી બચાવવાવાળી છે.૧૧.

अरुहा सिद्धाइरिया उवझाया साहु पंचपरमेठ्ठी ।
ते वि हु चिठ्ठदि आदे तम्हा आदा हु मे सरणं ।।१२।।

અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પરમેષ્ઠી છે. કેમકે એ પરમેષ્ઠી પણ આત્મામાં નિવાસ કરે છે અર્થાત્ આત્મા સ્વયં પંચ પરમેષ્ઠીરૂપ પરિણમન કરે છે તેથી આત્મા જ મને શરણરૂપ છે. ૧૨.

सम्मत्तं सण्णाणं सच्चारित्तं च सत्तवो चेव ।
चउरो चिठ्ठदि आदे तम्हा आदा हु मे सरणं ।।१३।।

કારણ કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્ તપ એ ચારેય પણ આત્મામાં સ્થિત છે તેથી આત્મા જ મને શરણરૂપ છે. ૧૩.　　　(ક્રમશઃ) ✻

## જીવન ધર્મને માટે છે–ધનને માટે નહીં

આ અવસર સ્વભાવધર્મનું સાધન કરવા માટે છે, ધનની વૃદ્ધિ માટે નહિ. માટે હે જીવ ! ઈષ્ટ એવો જે સ્વભાવ તેને સાધવાનો ઉદ્યમ કર... ધનની વૃદ્ધિને અર્થે આ જીવનને વેડફી ન નાંખ. ઇષ્ટ ઉપદેશ એટલે કે આત્માના હિતનો ઉપદેશ આપતાં શ્રી પૂજ્યપાદસ્વામી કહે છે કે અરે જીવ ! આત્માના સ્વભાવધર્મનું સાધન કરવા માટે આ અવસર છે. એમાં સ્વભાવનું સાધન કરવાને બદલે ધનને વધારવા માટે તું આ અવસરને વેડફી નાંખે છે તો તારા જેવો મૂર્ખ કોણ ? તું દિનરાત ધનની વૃદ્ધિ અર્થે પ્રયત્ન કરીને પાપ બાંધે છે, ને સ્વભાવધર્મનું સાધન તું કરતો નથી. આયુષ્ય અને પુણ્ય ઘટે છે છતાં ધનની વૃદ્ધિથી તું માને છે કે હું વધ્યો. પણ ભાઈ, એમાં તારું કાંઈ હિત નથી. તારું હિત તો એમાં છે કે તું તારા સ્વભાવનું સાધન કર... આત્માના મોક્ષને માટે પ્રયત્ન કર. આ ભવ છે તે ભવના અભાવ માટે છે એમ સમજીને તું આત્માના હિતનો ઉદ્યમ કર. આવો હિતકારી ઇષ્ટ ઉપદેશ સંતોએ આપ્યો છે.

અરે ! ધનનો લોલૂપી માણસ પોતાના જીવન કરતાંય ધનને વહાલું ગણે છે. કાળ જતાં ધનનું વ્યાજ વધે છે એમ તે ગણતરી કરે છે પણ આયુષ્ય ઘટતું જાય છે એનો એને કાંઈ વિચાર નથી. એને ધન જેટલું વહાલું છે તેટલો જીવ વહાલો નથી, તેથી ધનને અર્થે તે જીવનને વેડફી નાંખે છે. ઇષ્ટ એવો જે આત્મા તેને ભૂલીને જેણે ધનને કે માનને ઇષ્ટ માન્યું, તે ધનને અર્થે તથા માનને અર્થે જીવન ગાળે છે. પણ ઇષ્ટ તો મારો જ્ઞાનસ્વભાવી આત્મા છે, એના સિવાય બીજું કાંઈ મારું ઇષ્ટ નથી–એમ જેણે આત્માને ઇષ્ટ જાણ્યો તે જીવ આત્માને સાધવા માટે પોતાવું જીવન આપી દે છે. ઇષ્ટ તો સાચું તે જ છે કે જેનાથી ભવદુ:ખ ટળે ને મોક્ષસુખ મળે આવા ઇષ્ટને જે ભૂલ્યો તે જ પરને ઇષ્ટ માનીને તેમાં સુખ માને છે ને તેમાં જીવન ગુમાવે છે. ધર્મીને તો આત્માનો સ્વભાવ જ સુખરૂપ ને વહાલો લાગ્યો છે, 'જગત ઇષ્ટ નહિ આત્મથી' એમ આત્માને જ ઇષ્ટ સમજીને તેના સાધનમાં જીવન ગાળે છે.

ભાઈ, ધનની વાંછાથી તારા આત્માને તું પાપના કીચડમાં ન ડુબાડ, અરે, ધન કમાઈને પછી પૂજા–પ્રભાવના–દાનાદિમાં વાપરીને પુણ્ય કરશું–એવી વાંછાથી પણ ધનની લોલુપતા ન કર. તારી વૃત્તિને આત્માના હિતના ઉદ્યમમાં જોડ એ જ સૌથી ઈષ્ટ છે. લક્ષ્મી મેળવવાની લોલુપતાથી તારો આત્મા કાદવ જેવા પાપથી લેપાય છે. અત્યારે પાપ કરીને પછી પુણ્ય કરીશું એમ માનનાર તો મૂર્ખ છે, શરીર ઉપર કાદવ ચોપડીને પછી નહાવું, એના કરતાં પહેલેથી જ કાદવથી દૂર રહે ને ! તેમ ભવિષ્યમાં દાનાદિ કરવાના બહાને અત્યારે તારા આત્માને પાપરૂપી કાદવથી શા માટે લેપે છે ? હા, સહેજે તને પુણ્યથી જે લક્ષ્મી વગેરે મળી હોય તેને તું દાન–પૂજા–સાધર્મીનો આદર વગેરે સત્કાર્યમાં વાપર.

## સાધકની સાધનાધાર (પૂજ્ય ગુરુદેવશ્રીનો નિત્યક્રમ)

**સવારે** : દરરોજ વહેલી સવારે (લગભગ ૪ વાગે) ઊઠી જવું અને પથારીમાં જ બેઠા-બેઠા ચિદાનંદ ભગવાન તથા વીતરાગી પરમાત્માઓનું સ્મરણ કરીને 'નિત્ય સ્વાધ્યાય' કરવો. આ યાદ કરેલો મૌખિક સ્વાધ્યાય આ પ્રમાણે હતો.

૧. ૧૬ સમયસારજીની ગાથા (૧ થી ૧૬ સુધીની મૂળ ગાથાઓ)
૨. ૪૭ સમયસારજીની શક્તિ (વ્યાખ્યા સહિત)
૩. ૪૭ પ્રવચનસારજીના નય (વ્યાખ્યા સહિત)
૪. ૨૦ અલિંગગ્રહણના બોલ (પ્રવચનસારજીની ૧૭૨મી ગાથા)
૫. ૬ અવ્યક્તના બોલ. (સમયસારજીની ૪૯મી ગાથા)
૬. ૧૦ શ્રીમદ્ રાજચંદ્રજીના બોલ (સ્વદ્રવ્ય-અન્યદ્રવ્ય ભિન્ન-ભિન્ન જુઓ, આદિ)
૭. ૨૪ તીર્થંકર
૮. ૫ બાલબ્રહ્મચારી તીર્થંકર

૧૭૫

ઉપર મુજબનું બધું જ યાદ રાખેલું અને દરરોજ સવારે પથારીમાં બેઠાં-બેઠાં તેનું સ્મરણ કરતાં અને તેમાંથી નવા નવા ન્યાયો વિચારતાં-કાઢતાં. તે ઉપરાંત સ્વરૂપનું મનન-ચિંતવન-મંથન-ઘૂંટણ કરતાં અને વ્હાલા સીમંધરાદિ ભગવંતોનું બહારથી જ વંદન કરીને શૌચાર્થે જતાં. ઘણી વાર તો પાલીતાણા બાજુ જ જતાં, કોઈક વાર રાજકોટ રોડ ઉપર પણ જતાં. (સૂર્યોદયમાં થતા ફેરફાર પ્રમાણે જવાના સમયમાં પણ ફેરફાર થતો.) ઘણા વર્ષો સુધી તો એકાદ માઈલ જેટલું જતાં, પછીથી થોડે સુધી જ જતાં. શૌચાર્થે જતી વખતે સાથે મુમુક્ષુઓ પણ રહેતાં અને તેઓની સાથે તત્ત્વચર્ચા-વાર્તા થતી. કોઈ કોઈ વાર આવેલ સ્વપ્નાની કે વિચારમાં-મંથનમાં-આવેલ કોઈ નવા ન્યાયની વાત પણ કરતાં.

શૌચાર્થે જઈને આવ્યા પછી તથા સૂર્યોદય થયા પછી, મુખશુદ્ધિ આદિથી સ્વચ્છ થઈને સૌથી પહેલા જિનેન્દ્ર ભગવાનના દર્શને જતાં અને વિદેહીનાથ આદિ સર્વે ભગવંતોની ભાવ-દ્રવ્ય સ્તુતિ કરીને અર્ઘ ચઢાવતા. વીતરાગી પ્રભુને ભેટ્યા પછી સ્વાધ્યાયમંદિરમાં બિરાજમાન જિનવાણી માતા અને શ્રી કુંદકુંદાચાર્યના દર્શન કરતાં. ગાયનું તદ્દન મોળું દૂધ લીધા બાદ સવારની સ્વાધ્યાય કરતાં. જેમાં 'શ્રી પ્રણવ માહાત્મ્ય' વાંચતાં અને શ્રી સમયસારજીની ૩૨૦ ગાથા ઉપર શ્રી જયસેનાચાર્યદેવ કૃત ટીકાના આ વાક્યનું સ્મરણ

કરતાં—તો પણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રતિભાસમય—અવિનશ્વર-શુદ્ધપારિણામિકપરમ-ભાવલક્ષણ—નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતા નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું' તથા સવારના પ્રવચનમાં જે વિષય આવવાનો હોય તેની ઉપર વિચાર-મનન-મંથન કરતાં. પછી ૮ વાગે (ઋતુ પ્રમાણે ૮ કે ૮।।) બરોબર એક કલાક માટે તેમની અધ્યાત્મરસ ઝરતી અમૃતમય વાણીની વર્ષા થતી. ૪૫-૪૫ વર્ષ સુધીના આ સવાર-બપોરના એક એક કલાકના નિયમિત પ્રવચનોથી જૈનધર્મનો ઈતિહાસ જ બદલાઈ ગયો. આત્મા, પરમાત્મા કેમ બને એટલે કે ભક્ત ભગવાન કેમ બને તેનો સાચો માર્ગ બતાવતા. તેમના પ્રવચનની વિશિષ્ટ શૈલીથી સમગ્ર સમુદાય અધ્યાત્મરસમાં લીન થઈ જતો.

ભવ્ય જીવોના સંસારતાપને નાશ કરતી શીતળ અમૃતવાણી વરસાવ્યા પછી મુમુક્ષુભાઈઓ સાથે ચર્ચા-વાર્તા ચાલતી. તે પછી આહાર લેતાં. ઘણા વર્ષોથી એક જ પ્રકારનો બહુ જ સાદો આહાર લેતાં અને તે પણ અલુબ્ધ ભાવે. આહારમાં સ્વાદની ક્યારેય મુખ્યતા નહોતી. માત્ર શરીર ટકે તે માટે થોડું અનાજ લેવાય તે જ પ્રયોજન હતું. આહાર લેતા-લેતા ક્યારેક એવા તો સ્વરૂપમંથન કે તત્ત્વ-વિચારમાં ચડી જતાં કે શું આહાર લીધો, તે પણ ખ્યાલ રહેતો નહીં. 'ખાય છે પણ ખાતાં નથી, બોલે છે પણ બોલતાં નથી અને સેવક છે છતાં અસેવક છે'—જ્ઞાનીને માટે શાસ્ત્રમાં કહેલી આ વાતનો ત્યારે સ્પષ્ટ અનુભવ થતો. આહાર લીધા પછી સ્વાધ્યાય મંદિરમાં થોડું ફરવાનું અને પછી પોણો કલાક શારીરિક આરામ. તે કાળે પણ વિચારકક્ષાએ મનમાં તો સ્વ-પર કલ્યાણના જ વિચારો ચાલતાં. સૂતાં-જાગતાં, ખાતાં-પીતાં, ચાલતાં-બોલતાં એક જ ધૂન કે મારૂં હિત કેમ થાય ? અને દુઃખથી તપ્ત જીવો પણ સુખને કેમ પ્રાપ્ત થાય.

**બપોરે** :—આરામ કર્યા પછી સ્વાધ્યાયનો કાર્યક્રમ હોય. કોઈ પત્ર કે સામાયિક આવ્યા હોય તો તે વાંચતા. પરંતુ કોઈને ક્યારેય કાગળનો જવાબ આપ્યો નથી કે કોઈ વિરોધિના આક્ષેપોનો પ્રત્યુત્તર દીધો નથી. ઊલ્ટાનું વિરોધ કરનારાના અજ્ઞાન ઉપર દયા આવતી, કરૂણા આવતી. ઘણીવાર મનમાં વિચારતાં કે પ્રભુ ! પ્રભુ ! આ તું શું કરે છો ? તું પણ દ્રવ્યે પરમાત્મા ભગવાન છો ને ! તેથી સાધર્મી છો. તારા પ્રત્યે દ્વેષ-તિરસ્કાર નથી હો ! તું પણ અજ્ઞાન ટાળીને પરમાત્મા થા. દ્રવ્યસંગ્રહનું તે વાક્ય વારંવાર યાદ કરતા કે 'જ્ઞાનીની તો આવી ભાવના હોય છે કે હું તો આઠ કર્મથી મુક્ત થવાનો જ છું, પણ જગતના બધા જીવો આઠ કર્મથી રહિત થાવ.'— આમ કોઈ કદાચિત્ તેમની નિંદા કરતા તોપણ તેઓ કદાપિ કોઈની નિંદા કરતા નહીં. તે પછી કોઈ નવા પ્રકાશિત શાસ્ત્રનું અથવા તો જેનો નિયમિત

સ્વાધ્યાય ચાલતો હોય તેનું વાંચન કરતાં અને છેલ્લે બપોરના પ્રવચનમાં આવનાર વિષય સંબંધી વાંચન થતું. બપોરના સ્વાધ્યાયમાં જ, (જાહેર પ્રવચનોમાં ૧૯ વાર શ્રી સમયસારજી પરમાગમનું વાંચન થયું હતું તોપણ), સેંકડોવાર તે પરમાગમનું તથા અન્ય પરમાગમોનું એકાંતમાં વાંચન કર્યું હતું. ત્યાર બાદ બપોરે અઢી વાગ્યાથી (ઋતુ પ્રમાણે સમયનો ફેરફાર થતો) સાડા ત્રણ વાગ્યા સુધી બપોરનું વ્યાખ્યાન.

દાવાનળને શાંત કરનાર મેઘની સમાન દિવ્યધ્વનિ વરસાવીને પૂજ્ય ગુરુદેવ જિનેન્દ્ર ભગવાનની ભક્તિમાં પધારતાં. પણ હજુ તો પ્રવચનમાં જ શુભભાવને હેય કહ્યો હતો છતાં આ ભક્તિ ? ભાઈ ! ભૂમિકાને યોગ્ય શુભભાવ આવ્યા વગર રહેતો નથી, છતાં પણ તે છે હેય. તે ધર્મ નથી તેમ જ ધર્મનું કારણ પણ નથી. ભક્તિના રસથી ભરેલાં ભાવભીનાં પ્યાલા પીધા પછી ફરીને મુમુક્ષુઓ સાથે ચર્ચા વાર્તા.

**સાંજે** :—આહારનો સમય થતાં આહાર લેવો. સાંજના તો બહુ જ થોડો—ભૂખથી પણ ઓછો આહાર લેતાં. આહાર લીધા પછી થોડુંક ફરવાનું. પહેલા તો પ્રવચન-મંડપ અને માનસ્થંભની આસપાસ ફરતાં અને પછી સ્વાધ્યાયમંદિરની ઓસરીમાં બેસતાં. જ્યાં મુમુક્ષુઓ પણ આવતા. પછી પોતાની રૂમમાં (ગુરુ-આવાસમાં) એકાંતમાં-ધ્યાનમાં-બેસતાં.

ત્યારબાદ છેલ્લો જાહેર કાર્યક્રમ રાત્રિતત્ત્વચર્ચાનો રહેતો—કે જેમાં જિજ્ઞાસુ પોતાના પ્રશ્નોના ઉત્તરો મેળવતા, શંકા-આશંકાનું સમાધાન થતું. ગમે તેવા પ્રશ્નો આવતા તોપણ તુરંત જ ઉત્તર મળતો. હજુ પ્રશ્ન પૂરો થયો નથી કે ઉત્તર મળી જતો. શ્રોતાઓ આશ્ચર્યચકિત થઈ જતાં. વાયદો નહીં કે પછી શાસ્ત્રોમાં જોઈને ઉત્તર મળશે. કેમકે શાસ્ત્ર-વાંચન (સ્વાધ્યાય) કરતી વખતે પોતે જ તેમાંથી શક્ય એટલા પ્રશ્નો ઉઠાવતા અને તેનું સમાધાન પણ સ્વયં પોતે કરી લેતાં. ખરેખર તો, પ્રવચનમાં ચારે બાજુથી એટલી સ્પષ્ટતા થતી કે આશંકા ઉત્પન્ન થાય તેવી શક્યતા જ નહિવત્ રહેતી. બસ, પછી બાહ્ય પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ, પથારીમાં વહેલી સવારે કરેલો સ્વાધ્યાય ફરીને કરતાં.—આવી રીતે આખો દિવસ મુખ્યતઃ સ્વાધ્યાય-વાંચન-વિચાર-મનન-મંથન-ચિંતવનમાં જ વ્યતીત થતો અને તેથી જ તો સ્વપ્ના પણ તેવા જ—તેના જ આવતાં. આમ, આત્મલાભપૂર્વક મંગલ દિવસ પૂર્ણ થતો....



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—આપ કારણશુદ્ધપર્યાયનો ઘણોઘણો મહિમા કરો છો, પરંતુ અમારે તે શું ઉપયોગી?**

ઉત્તર :—તે વર્તમાન કારણરૂપ છે, તેથી જેને વર્તમાન કાર્ય (—સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ કાર્ય) પ્રગટ કરવું હોય તેને તે ઉપયોગી છે, કેમ કે તે કારણનો આશ્રય કરતાં કાર્ય પ્રગટી જાય છે. દ્રવ્યથી તે કારણશુદ્ધપર્યાય કાંઈ જુદી નથી. દ્રવ્ય ત્રિકાળ એવું ને એવું પૂરેપુરું વર્તમાનમાં વર્તી રહ્યું છે. અરે જીવ! તું જ્યારે જો ત્યારે વર્તમાન કારણપણે પૂરું દ્રવ્ય તારી પાસે જ છે...તે તું જ છે...માત્ર તારા નયનની આળસે તેં તારા કારણને જોયું નથી તેથી જ તારું કાર્ય અટક્યું છે—હવે તો અંતરમાં નજર કરીને આ કારણને દેખ....આ કારણનો સ્વીકાર કરીને તેનો આશ્રય કરતાં તારું નિર્મળકાર્ય થઈ જશે. દ્રવ્ય-ગુણનો વર્તમાન વર્તતો સ્વ-આકાર તે કારણશુદ્ધપર્યાય છે, બીજા કારણોનો આશ્રય છોડીને, આ સ્વ-આકાર કારણના સ્વીકારથી જ સમ્યગ્દર્શનાદિ કાર્ય થાય છે.

**પ્રશ્ન :—કારણશુદ્ધપર્યાયમાં ''પર્યાય'' શબ્દ આવે છે એવી સ્થિતિમાં તે પર્યાય દૃષ્ટિનો વિષય થઈ જાય છે શું?**

ઉત્તર :—ના, 'પર્યાય' શબ્દ આવે છે તેથી એમ ન સમજવું કે તે પર્યાયદૃષ્ટિનો વિષય છે. તે પર્યાય દ્રવ્ય સાથે સદા તન્મયપણે વર્તતી થકી દ્રવ્યદૃષ્ટિના વિષયમાં સમાય છે. ત્રિકાળી આખા દ્રવ્યનો એક વર્તમાન ભેદ હોવાથી તેને માટે 'પર્યાય' શબ્દ વાપર્યો છે...ને વર્તમાન કાર્ય (મોક્ષમાર્ગ) કરવા માટે તેનું વર્તમાન કારણ બતાવ્યું છે. આ કારણ ઉપર જેની દૃષ્ટિનું જોર છે તેને સમ્યગ્દર્શનાદિ કાર્ય થાય છે.

**પ્રશ્ન :—કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય ક્યા નયનો વિષય છે?**

ઉત્તર :—કારણશુદ્ધપર્યાય સહજશુદ્ધનિશ્ચયનયનો વિષય છે ને આ કાર્યશુદ્ધપર્યાય શુદ્ધસદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે.

**પ્રશ્ન :—કેવળજ્ઞાનાદિની શુદ્ધપર્યાયોને નિરપેક્ષ કહી અને કારણશુદ્ધપર્યાયને પણ નિરપેક્ષ કહી–તો તે બંને પ્રકારના નિરપેક્ષોમાં શું તફાવત છે?**

**વિસ્મયધારી બોધમય, વિશ્વનાથ વિશ્વેશ,**
**બંધવિમોચન વજવત બુધિનાયક વિબુધેશ. ૩૯**

ઉત્તર :—જ્ઞાનાવરણાદિ કર્મોના નાશથી જે કેવળજ્ઞાનાદિ પર્યાય પ્રગટી તે પણ સ્વભાવપર્યાય છે અને તેને ઇન્દ્રિયો વગેરેની અપેક્ષા નથી તે અપેક્ષાએ તેને નિરપેક્ષ કહેવાય, પરંતુ કર્મના ક્ષય સાથે તેને નિમિત્ત-નૈમિત્તિક-સંબંધ છે એટલી અપેક્ષા તેનામાં આવે છે; ત્યારે આ કારણશુદ્ધપર્યાયમાં તો કર્મ સાથેના નિમિત્ત-નૈમિત્તિક-સંબંધની પણ અપેક્ષા નથી, તે તો દ્રવ્ય સાથે ત્રિકાળ નિરપેક્ષપણે વર્તે છે!

**પ્રશ્ન :—શું પુણ્ય અને પાપ સમાન છે?**

ઉત્તર :—જે કોઈ જીવ પુણ્ય-પાપમાં ભેદ માને છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે અને ઘોર સંસારમાં રખડશે તેમ પ્રવચનસાર ગાથા ૭૭માં કહ્યું છે. કારણ કે પુણ્ય અને પાપ ભાવમાં અનાત્મપણું સરખું જ છે. વ્યવહારથી પુણ્ય અને પાપભાવમાં ભેદ છે તે જ્ઞાન કરવા માટે છે પણ પરમાર્થથી પુણ્ય-પાપમાં ભેદ નથી, બંનેમાં અનાત્મપણું સમાન છે.

**પ્રશ્ન :— પ્રવચનસારમાં શુભ–અશુભમાં ભેદ માને તેને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે અને બીજે શુભને છાંયા સમાન અને અશુભને તડકા સમાન કહ્યો છે?**

ઉત્તર :—શુભ-અશુભને છાંયા તડકા સમાન કહ્યું છે એ તો જ્ઞાનીની વાત છે. જ્ઞાનીને પાંચમા ગુણસ્થાને શાંતિ વધી છે તેના શુભરાગને વ્યવહારે છાંયારૂપ ગણેલ છે. જ્ઞાનીના શુભરાગને પરંપરા મોક્ષનું કારણ પણ શાસ્ત્રમાં કહ્યું છે પણ એ તો દૃષ્ટિ સમ્યક્ થઈ છે અને અશુભ ટળ્યો છે તેને વ્યવહારથી પરંપરા કારણ કહ્યું છે, પણ અજ્ઞાનીના શુભ રાગને છાંયા સમાન કે પરંપરા મોક્ષનું કારણ કહેવાતું નથી. અજ્ઞાની દ્રવ્યલિંગધારી શુક્લલેશ્યાના શુભ રાગથી નવમી ગ્રૈવેયક ઊંચે ગયો ને ત્યાંથી પાછો નીચે સંસારમાં પટકાય છે. અજ્ઞાનીના શુભરાગની ગણતરી નથી. આત્મા તદ્દન નિર્લેપ અખંડાનંદ પરમાત્મા છે એની દૃષ્ટિ કર્યા વિના એક ડગલું પણ મોક્ષમાર્ગમાં આગળ જઈ શકે નહિ. ટૂંકામાં મૂળ સિદ્ધાંત એક છે કે સ્વના આશ્રયથી મુક્તિ ને પરના આશ્રયથી સંસાર. છઢાળામાં કહ્યું છે કે લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.

**પ્રશ્ન :—અમોએ સાંભળ્યું છે કે અધ્યાત્મમાં પુણ્યને પણ પાપ કહે છે? એનો આધાર શું?**

ઉત્તર :—પાપને પાપ તો જગતમાં સૌ કહે છે પણ અનુભવી-જ્ઞાનીજન તો પુણ્યને પણ પાપ કહે છે. હિંસા, જૂઠું, ચોરી, આદિને તો જગત પાપ માને છે પણ દયા, દાન, પૂજા, ભક્તિ આદિના શુભરાગને જ્ઞાનીજનો પાપ કહે છે, કેમ કે સ્વરૂપમાંથી પતિત થઈને

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૬ ઉપર)

**મહામંત્ર મંગલનિધાન મલહરન મહાજપ,**
**મોક્ષસ્વરૂપી મુક્તિનાથ મતિમથન મહાતપ;**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન* :**—જ્ઞાયકના જે સંસ્કાર પડે છે તે એકવાર જરૂર જવાબ દેશે?

**સમાધાન :**—ગુરુદેવે દેશના આપી અને જ્ઞાયકના જે સંસ્કાર પડ્યા તે અંદરથી છૂટતા નથી. પોતાની ભાવના હોય અને તે તરફ પોતાની પરિણતિ જાતી હોય—તેને ઈચ્છતો હોય—તો તે પ્રગટ થયા વગર રહે નહિ. પોતે જ છે, કોઈ બીજો નથી. પરદ્રવ્યની ઈચ્છા હોય તો તે પોતાના હાથની વાત નથી, પણ આ તો સ્વદ્રવ્ય પોતે જ છે. પોતે જ સ્વદ્રવ્યને ઈચ્છતો હોય તો તે પ્રગટ થયા વગર રહે જ નહિ. એક શુભભાવ આવે તેનાં એવાં પુણ્ય બંધાય છે કે તેનાથી જે પર છે—બહાર છે એવા દેવ-શાસ્ત્ર-ગુરુ પણ મળી આવે છે, તો પછી અંતરની સાચી ભાવના હોય તો જ્ઞાયકદેવ કેમ મળી ન આવે!!

સાચી ભાવના ફળ્યા વગર રહેતી જ નથી. લૌકિક ઈચ્છા હોય તે જુદી જ વાત છે, તે પાપની વાત છે. તે પ્રમાણે બહારમાં ન પણ મળે. શુભભાવમાં પણ પોતાનો અધિકાર તો નથી જ, તો પણ બહારમાં તેનું ફળ આવે જ છે, તો જ્ઞાયકની સાચી ભાવના ફળ્યા વગર કેમ રહે?—ફળે જ.

***પ્રશ્ન* :**—ગુરુદેવ શું બધાને પરમાત્મા જ કહેતા હતા? શું જીવ પામર નથી?

**સમાધાન :**—ગુરુદેવ કહે છે કે તું પરમાત્મા છો, પામર નથી. ગુરુદેવ બધાને ભગવાન જ કહેતા હતા. દ્રવ્ય કાંઈ પામર નથી, પૂર્ણ ભરેલું છે. તેથી પરમાત્મા જ છે. અને તે પરમાત્મામાંથી પરમાત્માપણું આવે છે. પામરતા છે એ તો પર્યાય અપેક્ષાએ છે. જે ભાવનાવાળો હોય તે એમ કહે કે પ્રભુ! તમે અમને—પામરને પ્રભુ બનાવ્યો છતાં પણ, પોતામાં પ્રભુતા ભરી છે તેમાંથી પ્રભુતા આવે છે.

***પ્રશ્ન* :**—બહારમાં દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે કોઈ વિરોધ કરે તે ટાઇમે શાંતિ ક્યાંથી રહે?

**સમાધાન :**—આત્માનું જેને પ્રયોજન સાધવું છે તે અમુક જાતની મર્યાદા બહાર જાતો જ નથી. તેને વિભાવ પરિણતિ જોતી જ નથી. જેનું પ્રયોજન આત્મા સાધવો છે, જેને આત્માની લગની લાગી છે તે આત્માર્થી, તેને વિભાવ પરિણતિનું એકત્વપણું હજી છૂટ્યું નથી

તો પણ, મર્યાદા બહાર જતો જ નથી. અને તો જ આત્માને સાધી શકે છે, આત્મા મળે છે. નહિ તો આત્મા ક્યાંથી મળે? આત્માનું પ્રયોજન ન હોય તો તેને આત્મા ક્યાંથી મળે? અમુક પાત્રતા તો હોવી જ જોઈએ. બધાએ વિચારો ફેરવીને શાંતિ રાખવી.

***પ્રશ્ન :***—શરીર કામ કરતું નથી, અહીંયાં રહી શકાતું નથી. તો શું કરવું?

**સમાધાન :**—ગુરુદેવે ઘણું કહ્યું છે. આત્માનું જ કરવાનું છે. શરીર ક્યાં આત્માનું છે? રોગ-વેદના આત્મામાં નથી, તેનાથી જુદો આત્મા છે. હું જાણનારો છું, રોગ થાય તે મારામાં નથી. શરીર ઉપર રાગ છે એટલે તેમાં એકત્વબુદ્ધિએ જોડાઈ જવાય છે, પણ શાંતિ રાખવી. ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરવો કે હું જાણનારો, સદાય જુદો જ છું.

બહારના ઉદય આવે તે પોતાનું સ્વરૂપ નથી. તેમાં શાંતિ રાખવી. ગુરુદેવે કહ્યું તે તત્ત્વના વિચારો કરવા, આત્માનું સ્વરૂપ વિચારવું ને દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા. હું જ્ઞાયક છું. રોગ જુદો ને હું જુદો. આકુળતા થાય, પણ હું તો આત્મા છું. આ રોગ મારું સ્વરૂપ નથી, એમ વિચારી શાંતિ રાખવી અને વારંવાર જ્ઞાયક આત્માને યાદ કરવો. રોગ તો શરીરમાં આવ્યા કરે, તે આત્મામાં આવતો નથી. તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. બધા ઉદય આવે, પણ આત્મા તો જુદો જ છે—આમ ગુરુદેવે કહ્યું તે વાક્યો યાદ કરવાં.

સનતકુમાર ચક્રવર્તીને પણ રોગ થયો હતો. તેઓ મુનિ થયા ને અંદર આત્મામાં લીન રહેતા હતા. દેવોએ કહ્યું કે રોગ મટાડી દઉં? પોતાને લબ્ધિ હતી કે થૂંક ચોપડે તો રોગ મટે, તો પણ તેમ ન કર્યું. રોગ તો ગમે તેને આવે. ઉદય તો ઉદયનું કામ કરે, હું તો જ્ઞાયક જાણનારો જુદો છું.

મુમુક્ષુઃ—સત્સંગની ઈચ્છા રહે છે પણ બહાર જઈ શકાતું નથી, મૂંઝવણ થઈ જાય છે.

બહેનશ્રીઃ—ઘરમાં બેઠાં જે થાય તે કરવું. ઘરમાં બેઠાં બેઠાં પણ થઈ શકે છે. સત્ સંગ કરવાની—સાંભળવાની ઈચ્છા થાય, પણ તે ન બને તો ઘરમાં બેઠાં પણ થાય છે—ભાવ સારા રાખી શકાય છે. વાંચન આદિ જે થાય તે કરવું. શરીર કામ ન કરે ત્યાં શું થાય? ઘરમાં બેઠાં કરવું. દેવ-શાસ્ત્ર-ગુરુના સાન્નિધ્યમાં આવવાની ઈચ્છા થાય, પણ ન જવાય ત્યાં શું થાય! અંદર આત્મામાં સારા વિચારો કરવા, મૂંઝાઈ જવાય તો વારંવાર વિચારો ફેરવવા, અને શાંતિ રાખવી.


નિસ્તરઙ્ગ નિઃસઙ્ગ નિયમનાયક નંદીસુર,
મહાદાનિ મહજ્ઞાનિ મહાવિસ્તાર મહાગુર. ૪૦

## બાળ વિભાગ

# જુઓ, પરિણામોની વિચિત્રતા

### (બે વૈરાગી રાજકુમારોની કથા)

દેશભૂષણ-કુલભૂષણ વિદ્યાભ્યાસ પછી ઘરે પાછા આવે છે ત્યારે પિતા દ્વારા નગરીને સજાવીને સ્વાગત કરાયું. રસ્તામાં મહેલના ઝરૂખામાં એક કન્યાને જોઈને બંને ભાઈ મોહિત થઈ જાય છે પરંતુ જ્યારે તે કન્યા પોતાની બહેન છે તેમ ખબર પડતા લજ્જિત થાય છે અને વૈરાગ્ય પામીને જિનદીક્ષા અંગીકાર કરી મોક્ષની સાધના કરવા લાગે છે. એકવાર તેઓ વંશધર પર્વત ઉપર ધ્યાનમગ્ન હતા ત્યારે કોઈ અસુર દ્વારા તેમના પર ઉપસર્ગ કરાયો પરંતુ શ્રીરામચંદ્રજી અને લક્ષ્મણજીની ઉપસ્થિતિમાં તે અસુરનું જોર ચાલ્યું નહીં અને બંને મુનિને કેવળજ્ઞાન થયું. હવે આગળ..



અહા, પોતાની હાજરીમા જ એ મુનિ ભગવંતોને કેવળજ્ઞાન થતું દેખીને રામ-લક્ષ્મણ-સીતાને તો આનંદનો પાર ન રહ્યો. હર્ષિત થઈને તેમણે તે સર્વજ્ઞભગવાનની પરમ સ્તુતિ કરી. દિવ્યધ્વનિ દ્વારા ભગવાનનો ઉપદેશ સાંભળ્યો. અહા, પ્રભુના શ્રીમુખથી ચૈતન્યતત્ત્વનો કોઈ પરમ અદ્‌ભુત ગંભીર મહિમા સાંભળતાં તેમને મહાઆનંદ થયો. દેશભૂષણ-કુલભૂષણના પિતા—જે મરીને ગરુડેન્દ્ર થયા હતા તે કેવળીભગવાનના દર્શન કરવા આવી પહોંચ્યા. રામ-લક્ષ્મણ ઉપર તેઓ પ્રસન્ન થયા ને આદરપૂર્વક કહ્યું : “આ બંને મુનિઓ મારા પૂર્વભવના પુત્રો છે, તમે તેમની ભક્તિ કરી ઉપસર્ગ દૂર કર્યો તે દેખીને હું ઘણો પ્રસન્ન થયો છું. માટે તમે જે માંગો તે હું આપું !” ત્યારે રામે કહ્યું—કોઈવાર અમારા ઉપર સંકટ આવે તો તે વખતે અમારી સંભાળ લેજો.— તે વચન પ્રમાણ કરીને ગરુડેન્દ્રે કહ્યું—ભલે, તમે સમજો કે હું તમારી પાસે જ છું.

કેવળીભગવાનની વાણી સાંભળીને અનેક જીવો ધર્મ પામ્યા. રાજા અને પ્રજાજનો નગરીમાં પાછા ફર્યા, ને આનંદ ઉત્સવ કર્યો. કેવળજ્ઞાનના પ્રતાપે સર્વત્ર આનંદ—મંગળ

છવાઈ ગયા. ભગવાનની વાણીમાં એમ આવ્યું કે આ રામચંદ્રજી આ જ ભવે મોક્ષ પામશે.

'શ્રી રામચંદ્ર-બળભદ્ર તદ્ભવ મોક્ષગામી છે' એમ કેવળીપ્રભુની વાણીમાં સાંભળીને લોકોએ તેમનું ઘણું સન્માન કર્યું. મુનિવરોને કેવળજ્ઞાન ઉત્પન્ન થવાથી તે ભૂમિને મહાતીર્થરૂપ સમજીને રામ-લક્ષ્મણ-સીતા કેટલાક દિવસ ત્યાં જ રહ્યા, ને મહાન ઉત્સવપૂર્વક પર્વત પર અનેક ભવ્ય મંદિરો કરાવીને, અદ્ભુત જિનભક્તિ કરી, ત્યારથી આ વંશસ્થ પર્વતને લોકો 'રામગિરિ' કહેવા લાગ્યા. આજે પણ મધ્યપ્રદેશમાં તે 'રામટેકતીર્થ' તરીકે પ્રસિદ્ધ છે. (સં. ૨૦૧૫માં અનેક ભક્તો સહિત પૂજ્ય શ્રી કાનજીસ્વામીએ તે રામટેક તીર્થની પણ યાત્રા કરી હતી.)

ગગનવિહારી દેશભૂષણ-કુલભૂષણ કેવળીભગવંતો દિવ્યધ્વનિ વડે દેશોદેશના ભવ્યજીવોને ધર્મનો પ્રતિબોધ કરતા કરતા અયોધ્યાનગરીમાં પધાર્યા, ત્યારે ફરીને તે કેવળીભગવંતોના દર્શન કરતાં રામ-લક્ષ્મણ-સીતાને તેમજ ભરત, કૈકેયી વગેરેને ઘણો હર્ષ થયો. તેમનો ધર્મોપદેશ સાંભળીને ભરતે દીક્ષા લીધી ને હાથીએ શ્રાવકના વ્રત અંગીકાર કર્યા. પછી વિહાર કરતાં કરતાં તે બંને ભગવંતો કુંથલગિરિ પધાર્યા ને ત્યાંથી મોક્ષ પામીને સિદ્ધાલયમાં બિરાજે છે. બંને ભાઈઓ સંસારમાં અનેક ભવમાં સાથે રહ્યા ને અત્યારે મોક્ષમાં પણ સાથે જ બિરાજે છે. તે ભગવંતોને નમસ્કાર હો.

કુંથલગિરિ સિદ્ધક્ષેત્ર મહારાષ્ટ્રમાં છે, ત્યાંથી આ બંને દેશભૂષણ તથા કુલભૂષણ મુનિવર મોક્ષ પધાર્યા છે. તેમની યાદમાં અત્યારે પહાડ ઉપર બે ભગવંતોની સુંદર પ્રતિમાઓ છે. સિદ્ધક્ષેત્ર ખૂબ જ રમણીય સ્થાન છે. દેશભૂષણ-કુલભૂષણ બંને ચાર ભવથી સગા ભાઈ હતા. તમે પણ તેમના જીવનની કથા વાચીને જીવનમાં આત્મસાત્ કરી તેમના જેવા બનવાની ભાવના કરતા થકા કલ્યાણમાર્ગ ઉપર ચાલીએ—આ જ આ કથાનો ઉદ્દેશ્ય છે.

## શ્રી દેશભૂષણ-કુલભૂષણ કેવળીના પૂર્વભવો

### (૧) ઉદિત-મુદિત

દેશભૂષણ અને કુલભૂષણ પૂર્વે એક ભવમાં ઉદિત અને મુદિત નામના સગા ભાઈ હતા. માતાનું નામ ઉપભોગા. તે દુરાચારિણી હતી, ને વસુ નામના દુષ્ટ પુરુષ સાથે તે પ્રેમમાં હતી. મોહવશ તે દુષ્ટ વસુએ તેના પતિને મારી નાંખ્યો. તથા વિષયાંધ માતા ઉપભોગાએ પોતાના બંને પુત્રોને મારી નાંખવા માટે વસુને કહ્યું કે "આ બંને પુત્રો

આપણા દુષ્કર્મને જાણી ન જાય માટે તેમને મારી નાખો.''

અરેરે, વિષયાંધ સંસારી પ્રાણી! વિષયાંધ થઈને માતા પોતાના સગા પુત્રોને મારી નાંખવા તૈયાર થઈ!—પણ તેની આ ખાનગી વાત તેની પુત્રી સાંભળી ગઈ, ને તેણે પોતાના ભાઈ ઉદિત-મુદિતને તે વાત જણાવીને સાવધાન કરી દીધા. આથી ક્રોધે ભરાઈને તે બંને ભાઈઓએ વસુને મારી નાખ્યો. તે મરીને ક્રૂર ભીલ થયો.

પછી તે ઉદિત-મુદિત બંને ભાઈઓ એક મુનિરાજના ઉપદેશથી વૈરાગ્ય પામીને મુનિ થયા. તેઓ સમ્મેદશિખરની યાત્રા કરવા જતાં માર્ગ ભૂલીને ઘોર અટવીમાં આવ્યા. ત્યાં પૂર્વભવના વેરી ક્રૂર ભીલે તેમને જોયા, ને તેમને મારવા તૈયાર થયો.

આ ઉપસર્ગનો પ્રસંગ જોઈને ઉદિત મુનિએ મુદિત મુનિને કહ્યું : 'હે મુનિ! મરણના ઉપસર્ગનો પ્રસંગ આવ્યો છે. પણ તું ભય ન કરતો... ક્ષમામાં સ્થિર રહેજે. પૂર્વે આપણે જેને માર્યો હતો તે દુષ્ટ વસુનો જીવ ભીલ થઈને અત્યારે આપણને મારવા આવ્યો છે.... પણ આપણે તો મુનિ છીએ, આપણને શત્રુ-મિત્ર કેવા! માટે તું આત્માની વીતરાગભાવનામાં દૃઢ રહેજે!'

ત્યારે જવાબમાં મુદિત-મુનિ કહે છે : અહો મુનિવર! આપણે મોક્ષના ઉપાસક, દેહથી ભિન્ન આત્માને અનુભવનારા, આપણને શેનો ભય?

છેદાવ વા ભેદાવ, કો લઈ જાવ નષ્ટ બનો ભલે,
વા અન્ય કો રીત જાવ પણ પરિગ્રહ નથી મારો ખરે!

દેહાદિ મારાં છે જ નહીં, હું તો અતીન્દ્રિય ચૈતન્ય છું, મારી અતીન્દ્રિય શાંતિને હણનાર કોઈ છે નહિ. એમ કહીને તે મુનિ પોતાની આત્મશાંતિમાં એકાગ્ર થયા.

—આમ પરમ ધૈર્યપૂર્વક બંને મુનિઓ દેહનું મમત્વ છોડી, પરમ વૈરાગ્યથી આત્મભાવના ભાવવા લાગ્યા. ને ભીલે તેમને મારવા શસ્ત્ર ઊગામ્યું—બરાબર એ જ વખતે વનનો રાજા ત્યાં આવી પહોંચ્યો, ને તેણે ભીલને ત્યાંથી ભગાડીને બંને મુનિવરોની રક્ષા કરી. (તે વનનો રાજા પૂર્વભવમાં એક પંખી હતો, ત્યારે શિકારીની જાળમાંથી આ બંને ભાઈઓએ તેને બચાવેલ, તે ઉપકારના સંસ્કારને લીધે અત્યારે તેને સદ્‌બુદ્ધિ ઊપજી, ને તેણે મુનિઓનો ઉપસર્ગ દૂર કરી રક્ષા કરી.)

ઉપસર્ગ દૂર થતાં બંને મુનિવરોએ સમ્મેદશિખરની યાત્રા કરી, ને પછી રત્નત્રયની આરાધનાપૂર્વક સમાધિમરણ કરીને સ્વર્ગમાં ગયા. દુષ્ટ ભીલનો જીવ દુર્ગતિમાં ગયો, ને દુઃખી થયો ત્યારબાદ કુતપ કરીને તે જ્યોતિષી દેવ થયો.

(ક્રમશઃ) ❋

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૬-૩૦ થી ૬-૫૦ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૪૫ થી ૯-૪૫ : શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ : શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

## વૈરાગ્ય સમાચાર :–

* બોટાદ નિવાસી (હાલ-અમદાવાદ) સ્વ. હરગોવિંદદાસ ગિરધરલાલ શાહના સુપુત્ર ચિ. અરવિંદભાઈ શાહ(ઉ.વ. ૭૦)નું દેહપરિવર્તન તા. ૨૭-૯-૨૦૨૧ના રોજ થયેલ છે. તેઓશ્રી અવારનવાર સોનગઢ આવી પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રીની વાણીનો લાભ લેતા હતા.
* સરદાર શહેર નિવાસી શ્રી અભયકરણજી શેઠિયા (—તેઓ શ્રી દીપચંદજી શેઠિયાના પૌત્ર)નું દેહપરિવર્તન તા. ૯-૧૧-૨૦૨૧ના રોજ થયેલ છે. તેઓ છેલ્લા ૩૦ વર્ષથી નિવૃત્તિપૂર્વક સ્વાધ્યાય, ચિંતન, ભક્તિ આદિ ધાર્મિક કાર્યોમાં રહેતા હતા. તેઓ ગુરુદેવશ્રી અને બહેનશ્રી પ્રતિ ભક્તિ ધરાવતા હતા.
* દાદર—સોનગઢના મુમુક્ષુ જિતુભાઈ કેશવલાલ શાહના ધર્મપત્ની શ્રીમતી પન્નાબેન (ઉ.વ. ૭૩) તા. ૬-૧૨-૨૦૨૧ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* ઘાટકોપર બોટાદ સોનગઢના મુમુક્ષુ સ્વ. રમેશચંદ્ર નંદલાલ શાહ (તુરખિયા)ના ધર્મપત્ની શ્રીમતી ચંદ્રિકાબેન (ઉ.વ. ૮૫)નું તા. ૧૩-૧૨-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.



## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન ડિસેમ્બર— ૨૦૨૧ના ઉત્તર

| | | | | |
|---|---|---|---|---|
| (૧) ✗ | (૫) ✗ | (૯) ✗ | (૧૩) ✗ | (૧૭) ✓ |
| (૨) ✓ | (૬) ✗ | (૧૦) ✗ | (૧૪) ✓ | (૧૮) ✗ |
| (૩) ✗ | (૭) ✓ | (૧૧) ✗ | (૧૫) ✗ | (૧૯) ✓ |
| (૪) ✗ | (૮) ✗ | (૧૨) ✗ | (૧૬) ✓ | (૨૦) ✗ |

## (૧૦૧)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ વાક્યોમાંથી જેના જવાબ સાચા હોય તેની આગળ ✓ નિશાની કરો અને જેના જવાબ ખોટા હોય તેની આગળ ✕ નિશાની કરો.

(૧) છ પ્રકારના દ્રવ્યોમાં પ્રભુત્વશક્તિ માત્ર જીવને જ હોય છે. .........

(૨) યથાર્થપણે જીવ જો વ્રત-તપાદિ કરે તો મિથ્યાત્વ જરૂર ટળે. .........

(૩) હમેશા દેશનાલબ્ધિથી જ્ઞાન થાય છે. .........

(૪) આત્માના આનંદનો અનુભવ ઈન્દ્રોના સુખ કરતાં અનંતગણું હોય છે. .........

(૫) આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પાડવા તે બંધનું કારણ છે. .........

(૬) ફક્ત બે ગતિમાં સંજ્ઞી પંચેન્દ્રિય, સમ્યક્દર્શન, સુઅવધિજ્ઞાન હોય છે. .........

(૭) ચોથા ગુણસ્થાવર્તી સમ્યક્દૃષ્ટિ જીવને પોતાની નબળાઈથી વેપારનો, લગ્નનો અને લડાઈનો રાગ આવે છે. .........

(૮) સમ્યક્દર્શન, જ્ઞાન. ચારિત્રની નિર્મળ પર્યાય બહિરતત્ત્વ છે. .........

(૯) જેને અગૃહિત મિથ્યાત્વ ટળી ગયું તેને ગૃહીત મિથ્યાત્વ ન જ હોય. .........

(૧૦) ચોથા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધીની જે નિર્મળદશા છે તે ખરેખર જીવની છે. .........

(૧૧) માનસ્તંભના દર્શન કરતા મિથ્યાદૃષ્ટિનું મિથ્યાત્વ ચાલ્યું જતું નથી. .........

(૧૨) ધર્મ પ્રગટાવવાં બંને નયો આદરણીય છે. .........

(૧૩) દર છ માસ ને આઠ સમયમાં ૬૦૮ જીવો મુક્તિ પામે છે. તો એક દિવસે સંસારી જીવોનો અભાવ થઈ જશે. .........

(૧૪) જીવે ૧૨ અંગ અને ૧૪ પૂર્વનું જ્ઞાન કર્યું છતાં પણ ભવભ્રમણ ટળ્યું નથી. .........

(૧૫) સમવસરણના વૈભવ વડે ખરેખર ભગવાનની પ્રભુતા છે. .........

(૧૬) પાંચ ઈન્દ્રિયોના જ્ઞાનનો ઉઘાડ એક સાથે હોય પણ તેનો ઉપયોગ એકસાથે ન હોય. .........

(૧૭) કેવળજ્ઞાન થતાં જીવને પાંચેય જ્ઞાન એક સાથે હોય છે. .........

(૧૮) જ્ઞાની જીવને ચોથા ગુણસ્થાન સુધી રાગ હોય છે. .........

(૧૯) એક સમયનું કેવળજ્ઞાન એ અપરમભાવ છે. .........

(૨૦) પૂજ્ય બહેનશ્રીને સમ્યકદર્શન વાંકાનેરમાં થયું હતું. .........

# (૧૦૧) બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની પહેલી ઢાળમાંથી મળશે.)

(૧) પંચ પરમેષ્ઠીમાંથી ............. દેવ અને ............ ગુરુ છે.
(૨) જગતમાં જીવની સંખ્યા ................. છે.
(૩) સર્વ જીવોને ................ વહાલું છે.
(૪) સર્વે જીવો ................ થી ભયભીત રહે છે.
(૫) યોગીજનો સદા સુખમય એવાં ................ ને ધ્યાવે છે.
(૬) ત્રણ જગતમાં સારભૂત ................... છે.
(૭) જીવનો દોષ પરને ............. માનવું ને પોતે ............... ભૂલી જવું.
(૮) મોક્ષ પામેલી જીવોની સંખ્યા ................ છે.
(૯) ................. ભગવંતો શરીર વગર પરમ સુખી છે.
(૧૦) જિનવાણી (૧) ............... (૨) ............... (૩) ............ નો નાશ કરાવે છે
(૧૧) તિર્યંચ ગતિમાં .................. જીવો છે.
(૧૨) ઉપદેશ વડે સંતો .................. ને દેખાડે છે.
(૧૩) મનુષ્ય ગતિમાં ............... જીવો છે.
(૧૪) એકેન્દ્રિય જીવમાં જ્ઞાન છે પણ .................... અને ................. નથી.
(૧૫) નરક અને દેવ ગતિમાં ................... જીવો છે.
(૧૬) જીવને દુઃખનું કારણ પોતાનો ............ ભાવ છે.
(૧૭) સંતોએ ................. સમજાવીને જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે.
(૧૮) જે જીવ પોતાનું હિત ચાહતો હોય તેણે ................. કરવા લાયક છે.
(૧૯) પાંચમી ગતિ ................. ગતિ છે.
(૨૦) ત્રણ ભુવનમાં સાર ................. છે.

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ડિસેમ્બર – ૨૦૨૧ના ઉત્તર

(૧) ભાવ
(૨) ગુણાવા
(૩) લક્ષણ
(૪) ચોવીસ તીર્થંકર
(૫) ૨
(૬) શિક્ષાવ્રત
(૭) ૮૦
(૮) ઉપયોગ
(૯) ચાર
(૧૦) પુદ્‌ગલ
(૧૧) જીવ-પુદ્‌ગલ
(૧૨) ૧૨
(૧૩) આકાશ-કાળ
(૧૪) અવ્યાપ્તિ
(૧૫) સમાન
(૧૬) મિથ્યાત્વ દૂર કરવું
(૧૭) ઔદયિક
(૧૮) જયસેન
(૧૯) મુનિ
(૨૦) આઠ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો, પ્રબળ પુરુષાર્થ કર. તને બીજું આવડે ન આવડે. લખતાં ન આવડે, તેનાથી શું પ્રયોજન છે ? જ્ઞાયકસ્વભાવને જાણીને અનુભવવા પ્રબળ પ્રયત્ન કર. એ જ કરવા જેવું છે. જેના એક સમયના અનુભવ આગળ ચક્રવર્તીના રાજ પણ તુચ્છ છે. એ અનુભવ માટે પ્રબળ પુરુષાર્થ કર. દુનિયામાં કેમ આગળ વધવું ને બહાર ગણતરીમાં કેમ આવવું. અરેરે ! એ બધું શું છે. ભાઈ ! તારા અનંતા અનંતા ગુણોની ગણતરીનો પાર નથી એવો જે જ્ઞાયકસ્વભાવ, પ્રભુ ! તેને અનુભવવાનો પ્રયત્ન કર. એ જ આ ભવમાં કરવા જેવું છે. ૪૮૯.

● જ્ઞાયકસ્વભાવનો અભ્યાસ કર. શુભાશુભથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દ્રઢ કરવી. પહેલામાં પહેલું આ કરવું જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... તેના તરફનું વલણ કરવું. ૪૯૦.

● કરોડો શ્લોકો ધાર્યા પણ અંદરમાં ઊંડે ઊંડે પર તરફના વલણમાં ક્યાંક ક્યાંક રાજીપો લાગે છે. પર તરફનું જ્ઞાન છે એ પરસત્તાવલંબી જ્ઞાન છે, તેમાં રાજી થાય છે કે ઘણા માણસોને સમજાવું ને તેઓ રાજી થાય—એવી સુખકલ્પના રહી જાય છે. ધારણામાં યથાર્થ જાણપણું હોવા છતાં અંદરમાં અયથાર્થ પ્રયોજન છે તેથી સમ્યગ્દર્શન થતું નથી. ૪૯૧.

● ખરા જિજ્ઞાસુ જીવને અંદર ઊંડે જ્ઞાનની કાંઈક ભૂલ રહી ગઈ હોય તોપણ એને ખાસ જિજ્ઞાસા હોવાથી એને ટાળી નાખશે. ખરા જિજ્ઞાસુને સ્વભાવની લગનીના બળે, જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય તો તે નીકળી જાય છે. જ્ઞાયકભાવને પકડવાની ખાસ ભાવના છે તેને કોઈ અટકાવવાના પ્રકારની ગંધ રહી ગઈ હોય તો તે લગનીના બળે નીકળી જાય છે. ૪૯૩.

● પ્રશ્ન :—બધા શાસ્ત્રોનો સાર સ્વસન્મુખ થવાનું કહે છે તો બધા શાસ્ત્રો વાંચવાની શું જરૂર છે ? સ્વસન્મુખ થવાનો જ પ્રયત્ન કરીએ ?

ઉત્તર :—સ્વસન્મુખ થવાનો જ પ્રયત્ન કરવાનો છે. પણ સ્વસન્મુખ ન થવાતું હોય અને અનેક પ્રકારથી અટકવાના શલ્ય પડ્યા હોય ત્યારે શાસ્ત્ર વાંચવાનો વિકલ્પ આવે છે. આવ્યા વિના રહેતો નથી, અને શાસ્ત્ર પણ સ્વસન્મુખ થવાનું જ કહે છે. ૪૯૪.

૩૬

આત્મધર્મ
જાન્યુઆરી-૨૦૨૨
અંક-૫ ● વર્ષ-૧૬

Posted at Songadh PO
Publish on 1-1-2022
Posted on 1-1-2022

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org